Lan′-guid, *adj* (લૅંગ્વિડ) મંદ, નરમ પડી ગયલા; શિથિલ
Ex-haust′-ed, *adj.* (એગ્ઝૉસ્ટેડ) ખાલી પડી ગયલો.
Per-ceivé, *v.* (પર્સીવ) જુઓછો.
Used to sup-ply′, *v.* (યૂઝ્ડ-ટુ-સપ્લાઇ) પુરૂં પાડતા.
In re-al′-i-ty, (ઇન-રિઍલિટિ) ખરૂં જોતાં.

Wassup-plied′, *v.* (ૃવૉઝ-સપ્લાઇડ) પુરૂં પડાતું; (પુરૂં પાડતાં.)
Did con-sumé, *v.* (ડિડ્-કન્સ્યૂમ) પુરો કરતોઃ ખાઇ જતો.
Was put, *v.* મુકવામાં આવતું હતું (મુકતા હતા).
Di-gest′-ed, *v.* (ડિજેસ્ટેડ) પચાવતો; હજમ કરતો.
Pre-pared′, *v.* (પ્રિપેર્ડ) તૈયાર કરતો.
For being changed, બદલાયલું થવાને; (થવાને).
Blood, *n.* (બ્લડ) લોહી; રૂધીર.
Was sent, *v.* (ૃવૉઝ-સેન્ટ) મોકલાતું હતું; (મોકલુંછું).
Through, *prep.* (થ્રૂ) થઇને; માંથી.
Chan′-nels, *n.* (ચૅનલ્ઝ) રસ્તો; દ્વાર.
Sup-ply′, *n.* (સપ્લાઇ) પોષણ. [રોકાઓછો.
Are oc′-cu-pied, *v.* (આર-ઑક્યૂપાઇડ) ગુંથાઓછો;
Feed′-ing *n.* (ફીડિંગ) પોષણ કરવું તે.
In turn, (ઇન-ટર્ન) બદલીમાં; અવેજમાં.
Blood ves′-sels, (બ્લડ-વેસલ્ઝ) લોહી જવાની નસો-રગો.
Noú-rish, *v.* (નરિશ) પોષણ કરેછે.
Are fed, *v.* (આર-ફેડ) પોષણ કરાય છે; (પોષણ થાય છે).
Mó-ral, *n.* (મૉરલ) સાર; તાત્પર્ય. Plain, *adj.* (પ્લેઇન)
Reá-di-ly, *adv.* (રેડિલિ) તરતજ; તત્ક્ષણ. [ખુલ્લો, સ્પષ્ટ.
Ap-plied′, *v.* (ઍપ્લાઇડ) લાગુ પાડી.
Lead′-ers, *n.* (લીડર્ઝ) આગેવાન.
Pro-posed′, *v.* (પ્રપોઝ્ડ) કહી; સૂચના કીધી.
Terms, *n.* (ટર્મ્ઝ) શરતો.
A-gree′-ment, *n.* (ઍગ્રીમેન્ટ) કરાર; કરારનામું.
Mes′-sen-gers, *n.* (મેસેન્જર્ઝ) સંદેસો—પેગામ લઈ જનરા.
Idioms :— They turned a deaf ear, તેઓએ કાને ધર્યું નહીં. [કીધું.
And so of all the rest, અને બાકીનાઓએ પણ તે પ્રમાણે
The eyes became dim, આંખે ઝાંપ વળવા લાગી.

LESSON XIII.

LEGISLATORS. રાજ્ય નિયમકારો વિષે.

Le′-gis-lat-ors, *n.* (લેજિસ્લેટર્ઝ) કાયદા બાંધનારા, રાજ્ય
Sá-vag-es, *n.* (સૅવેજિઝ) જંગલી લોકો. [નિયમકાર.

Are gov´-erned, *v.* (આર-ગવર્ન્ડ) રાજ ચલાવાયછે; રાજ થાય છે.
Just, *adj.* (જસ્ટ) વાજબી; અદલ.
Wise, *adj.* (ઉવાઇઝ) ડહાપણ ભરેલા.
Un-just´, *adj.* (અનૂજસ્ટ) ગેરવાજબી.
Will be dis-con-tent´-ed, *v.* (ઉવીલ-બીનડસ્કૉન્ટેન્ટેડ) નારાજી-અસંતોષી થશે.
Reá-son, *n.* (રીઝન) બાબત, કારણ,
Mak´ers, *n.* (મેઇકર્ઝ) કરનારા; બનાવનારા.
Are hon´-oured, *v.* (આર-ઑનર્ડ) માન પામેછે. રહેછે.
Fame, *n.* (ફેઇમ) કીર્ત્તિ. Is pre-served´, *v.* (ઇઝ-પ્રિઝર્વ્ડ)
Ben´-e-fits, *v.* (બેનિફિટસ) ફાયદો કરેછે.
A-live´, *adj.* (ઍલાઇવ) જીવતા, સજીવ.
An´-cient, *adj.* (એન્શ્યન્ટ) અસલના; પ્રાચીન.
Be-lieve´, *v.* (બિલીવ) માનેછે.
Sage, *n.* (સેઇજ) ડાહ્યો-જ્ઞાની પુરૂષ; રૂષિ.
Named, *p. p.* (નેઇમ્ડ) નામનો.
Má-nu, *n.* (મનુ) એ પ્રાચીન કાળમાં હિંદુસ્થાનમાં ઘણો વિદ્વાન ને ડાહ્યો પુરૂષ થઇ ગયો છે. એના કાયદાને મનુસ્મૃતિ કહેછે.
O-bey´, *v.* (ઑબે) માને છે.
Rules, *n.* (રૂલ્ઝ) કાયદા, નિયમો.
Zo-roá-ster, *n.* (ઝોરોઍસ્ટર) પારસીઓનો પેગંબર.
Hon´-our, *v.* (ઑનર) માન-આબરૂ આપેછે. બાંધનાર.
Con-fu´-cius, *n.* (કનફ્યૂશ્યસ) ચિન દેશનો એક કાયદા
Be-yond´, *prep.* (બિયૉન્ડ) કરતાં; પડતાં મૂકી. વાહુધો.
He´-brews, *n.* (હીબ્રુઝ) અસલ પાલિસ્ટાઇનના રહેવાસીઓ;
Mo´-ses, *n.* (મોઝિઝ) મુસા પેગંબર. Is held, *v.* (ઇઝ-હેલ્ડ)
Re´-ve-rence, *n.* (રેવરન્સ) માન. રખાય છે.
Lived, *v.* (લિવ્ડ) હતા, થઇ ગયા. ખ્રિસ્તિ લોકો.
Chris´-ti-ans, *n.* (ક્રિસ્ચ્યન્ઝ) ઇસુ ખ્રિસ્તને માનનારા;
Thou´-sánds, (થાઉઝન્ડ્ઝ) હજારો. બરાબર.
E´-ras, *n.* (ઇરાઝ) શાક. Ex-act´-ly, *adv.* (એગ્ઝૅક્ટલિ)
Ró-mans, *n.* (રોમન્ઝ) રોમ શેહેરના રહેનારા; રોમનલોકો.
Fol´-lowed, *v.* (ફૉલોડ) પ્રમાણે ચાલતા-વર્તતા.

Twelve Tá-bles, (ટવેલ્વ-ટેબલ્ઝ) બાર પાટીયા; બાર પત્રાં.
Near´-ly *adv.* (નીઅર્લિ) લગભગ.
Em´-per-or, *n.* (એમ્પરર) શેહેનશાહ. [નશાહ.
Jus-tin´-ian, *n.* (જસ્ટિનિઅન) કૉનસ્ટન્ટિનોપલનો શેહે-
Pub´-lished, *v.* (પબ્લિશ્ડ) પ્રગટ કીધો.
Fá-mous, *adj.* (ફેઇમસ) પ્રખ્યાત, નામાંકિત.
Code, *n.* (કોડ) કાયદાસંગ્રહ.
Is re-spect´-ed, *v.* (ઇઝ-રિસ્પેક્ટેડ) માન પામે છે.
Ci´-vil-ized, *adj.* (સિવિલાઇઝ્ડ) સુધરેલી.
Ná-tions, *n.* (નેશન્ઝ) પ્રજા, લોકો.
Spart´-an, *adj.* (સ્પાર્ટન) સ્પાર્ટાના લોકોનો. [બાંધનાર.
Ly-cur´-gus, *n.* (લાઇકરગસ) સ્પાર્ટાનો પ્રખ્યાત કાયદા
Se-vere´, *adj.* (સિવીઅર) સખ્ત. [હતા; મનાતા.
Were o-beyed´, *v.* (ઉવેર-ઓબેઇડ) માનવામાં આવતા
Cen´-tu-ries, *n.* (સેન્ચ્યરિઝ) સેકા: સદી.
Cared, *v.* (કેર્ડ) દરકાર રાખતો.
Hard´-y, *adj.* (હાર્ડિ) સહનશીલ, બહાદુર.
Sol´-diers, *n.* (સોલ્જર્ઝ) સીપાઇઓ.
Sol´-on, *n.* (સોલન) આથન્સ દેશનો કાયદા બનાવનાર.
Chief, *adj.* (ચીફ) મુખ્ય. Was famed, *v.* (ઉવૉઝ-ફેઇમ્ડ) પ્રખ્યાત હતો.
Wis´dom, *n.* (ઉવિઝ્ડમ) ડહાપણ.
Se´-ven wise man, (સેવન્ ઉવાઇઝ-મેન) સાત ડાહ્યા પુરૂષોઃ– ૧ સોલન; ૨ થેલ્સ; ૩ પીરીઆન્ડર; ૪ બાયસ; ૫ ક્લિઆબ્યુલસ; ૬ માઇસન; ૭ ચીનોન.
Má-ho-met, *n.* (મહૉમેટ) મુસલમાન લોકોનો પેગંબર મહમદ.
Law´-giv-er, *n.* (લૉગિવર) કાયદા રચનાર.
Re-li´-gious, *adj.* (રિલિજ્યસ) ધર્મ સંબંધી.
Named, *p. p.* (નેઇમ્ડ) કહેવાતા.
Teach´-er, *n.* (ટીચર) ઉપદેશ કરનાર; બોધ કરનાર; ગુરૂ.
Mus´-sal-mans, *n.* (મુસલમૅન્ઝ) મુસલમાન લોકો.
Mec´-ca, *n.* (મેક્કા) મક્કા (અર્બસ્તાનનું મુખ્ય શેહેર).
Con-tains´, *v.* (કન્ટેઇન્ઝ) રાખેછે; (માં છે).

Pre´-cepts, *n.* (પ્રીસેપ્ટસ) આજ્ઞા; ફરમાન.
Ko´-ran, *n.* (કોરૅન) કુરાનઃ–મુસલમાન લોકોનું ધર્મશાસ્ત્ર.
Char´-le-magne, *n.* (શાર્લમેન) એક શેહનશાહનું નામ છે.
Franks´, *n.* (ફ્રૅંક્સ) અસલના ફ્રાન્સ દેશના લોકો. [ચીન.
West, *n.* (ઉવેસ્ટ) પશ્ચિમ. Mod´-ern, *adj.* (મૉડર્ન) અર્વા-
Na-po´-leon I, *n.* (નેપોલિયન-ધિ-ફર્સ્ટ) ફ્રાન્સનો શેહેનશાહ.
Pub´-lished, *v.* (પબ્લિશ્ડ) પ્રગટ કીધો.
A code of laws, કાયદા સંગ્રહ.
Are va´-lued, *v.* (આર-વૅલ્યૂડ) કિમતી ગણાય છે.
Law´-mak-ing, *adj.* (લૉ-મેકિંગ) કાયદા બાંધનારી.
As-sem´-bly, *n.* (ઍસેમ્બ્લિ) મંડળી; સભા.
Par´-lia-ment, *n.* (પાર્લ્યમેન્ટ) વિલાયતમાં, રૈયત, અમીરો, અને રાજા અથવા રાણી, એ પ્રમાણે ત્રણ મંડળી મળી એક મતે કાયદા બાંધનારી સભા.

LESSON XIV.

THE FORCE OF HABIT. (A STORY.)

ટેવનું પ્રાબલ્ય (એક વાત).

Force´, *n.* (ફોર્સ) પ્રાબલ્ય. Ha´-bit, *n.* (હૅબિટ) ટેવ.
Chin´-vang the chasté, *n.* (શિન્વૅન્ગ-ધિ-ચેસ્ટ) ચીનના રાજાનું નામ છે.
As-cend´-ing *pr. p.* (ઍસેન્ડિંગ) બેસતાં.
Throne, *n.* (થ્રોન) ગાદી; તખ્ત.
Chi´-na, *n.* (ચાઇના) ચીન, એશિયા ખંડની ઊત્તરે એક દેશ છે.
Com-mand´-ed, *v.* (કમાન્ડેડ) ફરમાવ્યું: હુકમ કીધો.
Were de-tained´, *v.* (ઉવેર-ડિટેઇન્ડ) રખાયા હતા, રાખ્યા-નાખ્યા હતા.
Un-just´-ly, *adv.* (અન્જસ્ટલિ) બેઇનસાફથી; ગેરવાજબી રીતે.
Pri´-son, *n.* (પ્રિઝન) કેદખાનું; બંદિખાનું.
Pre-ced´-ing, *adj.* (પ્રિસીડિંગ) આગલા.
Should be set, *v.* મૂકવા જોઇએ. Free, *adj.* છુટા.
Should be set free, *v.* છુટા-છોડી મુકવા જોઇએ.
Num´-ber, *n.* (નમ્બર) લોકોની સંખ્યા-સમુદાય.
To thank´, *inf.* (ટુ થૅંક) આભાર-ઉપકાર માનવાને.

De-liv′-er-er, *n.* (ડિલિવરર) છોડાવનાર; છુટકો કરનાર.
Oc-ca′-sion, *n.* (ઑકેઝન) તક; વખત; પ્રસંગ.
Ap-peared′, *v.* (ઍપીયર્ડ) આવ્યો.
Ma-jes′-tic, *adj.* (મૅજેસ્ટિક) ઠળકો; ગંભીર દેખાવવાનો.
Fall′-ing at feet, (ફૉલિંગ-ઍટ-ફીટ) પગે પડીને-લાગીને.
As fol′-lows, (ઍઝ-ફૉલોઝ) નીચે પ્રમાણે.
Ad-dress-ed′, *v.* (ઍડ્રેસ્ડ) અરજ કીધી.
Great fa′-ther, (ગ્રેઇટ-ફાધર) પાળણ પોષણ કરનાર.
Be-hold′, *v.* (બિહોલ્ડ) જો. Wretch, *n.* (રેચ) કંગાળ
Was shut up *v.* ગોંધાયો હતો (ગોંધ્યો-પુરી મૂક્યો હતો).
Dun′-geon, *n.* (ડન્જન) કેદ કરવાનું અંધારૂં ભોંયરૂં.
Was im-pri′-soned, *v.* (વૉઝ-ઇમ્પ્રિઝન્ડ) કેદ થયો હતો-કર્યોહતો.
Strang′-er, *n.* (સ્ટ્રેઇન્જર) અજાણ્યો.
Being con-front′-ed, (કૉનફ્રન્ટેડ) રૂબરૂ આણવું; કરવું.
Ac-cus′-ers, *n.* (ઍક્યૂઝર્ઝ) તોહોમત મુકનાર.
So′-li-tude, *n.* (સૉલિટયુડ) એકાંતવાસ.
Dark′-ness, *n.* (ડાર્કનેસ) અંધારૂં; અંધકાર.
Am grown, *v.* (ઍમ-ગ્રોન) થયોછું.
Fa-mi′-liar, *adj.* (ફૅમિલ્યર) સહવાસ પડી ગયલો એવો.
Dis-tress′, *n.* (ડિસ્ટ્રેસ) દુઃખ; આફત.
As yet, (ઍઝ-યટ) હજુ. [ખમાવાથી.
Dazz′-led *p. p.* (ડૅઝલ્ડ) આંખે ઝાંઝવા વળવાથી, ન
Splen′-dour, *n.* (સ્પ્લેન્ડર) તેજ; પ્રકાશ.
Have re-stored′, *v.* (હૅવ-રિસ્ટોર્ડ) પાછા લાવ્યા છો.
Have been wan′-der-ing, *v.* (હૅવ-બીન-વૉન્ડરિંગ) ભટકું છઊં.
Streets, *n.* (સ્ટ્રીટસ) મોહોલ્લા.
Would as-sist′, (વુડ-ઍસિસ્ટ) મદદ કરે; સાહ્ય કરે.
(would) Re-lieve′, *v.* (રિલીવ) છોડવે (દુઃખમાંથી).
Fa′-mi-ly, *n.* (ફૅમિલિ) કુટુંબ.
Re-la′-tions, *n.* (રિલેશન્ઝ) સગાવહાલા. [છે).
Am for-got′-ten, *v.* વિસારી મુકાયલો છું; (વિસારી મુકેલા-
Per-mit′, *v.* (પર્મિટ) રજા આપ: દો.
To wear out, *inf.* (ટુ-વેર-આઉટ) કાઢવાને.

Wretch′-ed, *adj.* (રેચેડ) દુઃખી ; દુઃખના.
Re-mains′, *n.* (રિમેઇન્ઝ) બાકીનો વખત-ના દિવસો.
For′-mer, *adj.* (ફૉર્મેર) આગલું. [ખુશકારક.
Walls, *n.* (ઉવૅાલ્ઝ) દીવાલો. Pleas′-ing, *adj.* (પ્લીઝિંગ).
Splen′-did, *adj.* (સ્પ્લેન્ડિડ) ભપકાદાર; શોભાયમાન; ઉમદા.
Pa′-lace, (પૅલેસ) મેહેલ ; રાજમંદીર. [ફાંકું, ગુજારું.
Un-hap′-py, *adj.* (અનહૅપિ) દુઃખી. Spend, *v.* (સ્પેન્ડ
Was passed, *v.* (ઉવૅાઝ-પાસ્ડ) ગુજરાઈ હતી; (ગુજારી હતી).
To re-lease′, *inf.* (ટુ-રિલીઝ) છુટકો કરવાને ; કાઢવાને.
Idioms:—The rest of days, બાકીના દહાડા.
A stranger to crime, ગુન્હાથી અજાણ્યો; (ગુન્હોકર્યાવગર).
I am grown familiar with distress, મને દુઃખ જાણાતું લાગતું નથી ; મને દુઃખનો સહવાસ પડયો છે.
I have not long to live, મારે ઝાઝા દિવસ જીવવું નથી.

LESSON XV.

The Pro′digal Son. ઉડાઉ છોકરા વિશે.

Pro′-di-gal, *adj.* (પ્રૉડિગલ) ઉડાઉ.
Cer′-tain, *adj.* (સર્ટન) કોઈએક.
Por′-tion, *n.* (પોર્શન) ભાગ ; હિસ્સો.
Goods, *n.* (ગુડ્ઝ) મીલકત ; જંગમ.
Fall′-eth, *v.* (ફૉલેથ) પડેછે (આવે).
Di-vid′-ed, *v.* (ડિવાઇડેડ) વહેંચણ કરી આપી; ભાગ કીધા.
Liv′-ing, *n.* (લિવિંગ) માલમીલકત.
Gath′-ered to-geth′-er, (ગૅધર્ડ ટુ-ગેધર) એકઠું કીધું.
Jour′-ney, *n.* (જર્ની) મુસાફરી; દેશપર્યટન. [ઉડાવી દીધી.
Far, *adj.* (ફાર) દૂર. Wast′-ed, *v.* (ઉવેઇસ્ટેડ) ખરચીનાંખી;
Sub′-stance, *n.* (સબ્સ્ટન્સ) માલમીલકત ; દોલત.
Ri′-ot-ous, *adj.* (રાયૉટસ) મોજશોખ ભરેલું, સ્વચ્છંદી.
Liv′-ing, *n.* રહેવું તે.

Ri′-ot-ousliv′-ing,(રાયોટસ-લિવિંગ)મોજશોખમાં-સ્વચ્છંદપણે.
A-rose′, v. (ઍરોઝ) પડ્યો. Might′-y. adj. (માઇટી) ભારે
Fa′-mine, n. (ફૅમિન) દુકાલ, દુષ્કાલ. [રહેવું.
Want, n. (વૉન્ટ) તંગાસ, તંગી.
Joined (to). v. (જૉઇન્ડ) એકઠો-સામેલ થયો.
Ci′-ti-zen, n. (સિટિઝન) શહેરી.
Fields, n. (ફીલ્ડ્ઝ) ખેતરો. To feed, inf. (ટુ-ફીડ) ચરાવવાને.
Swine, n. (સ્વાઇન) ડુક્કર. Fain, adv. (ફેઇન) ખુશીથી.
Would have filled v. ભરત. Husks, n. (હસ્કસ) છાલાં.
Hired, adj. (હાયર્ડ) મહિનો-પગાર આપીને રાખેલા. [વાને.
Bread, n. (બ્રેડ) ખાવાનું. To spare, inf. (ટુ-સ્પેર) બચાવ-
Pe′-rish, v. (પેરિશ) મરૂં છુઉં Hung′-er, n. (હંગર) ભૂખ.
Will a-rise′, v. (વિલ-એરાઇઝ) ઉઠીશ (ઉઠુંછું).
Have sinned, v. (હેવ-સિન્ડ) ગુન્હો કીધો છે. [પાગ્ય.
Heav′-en, n. (હેવન) ઈશ્વર. Wor′-thy, adj. (વર્ધિ) લાયક;
To be called, inf. કહેવડાવવાને.
Make, v. (મેઇક) રાખ. [કોટ.
Com-pas′-sion, n. (કૉમ્પૅશન) દયા. Neck, n. (નેક) ગળું,
Forth, adv. (ફોર્થ) આગળ. Robe, n. (રોબ) ઝભો.
Put on, v. (પુટ-ઑન) પહેરાવો. Shoes, n. (શુઝ) જોડા.
Hi′-ther, adv. (હિધર) અહીંઆ-આણી તરફ.
Fat′-ted, adj. (ફૅટેડ) પુષ્ટ. Calf, n. (કાફ) વાછરડું.
Mer′-ry, adj. (મેરી) ખુશ; મગન. [મારે હિસ્સે આવે.
Idioms:—Goods that falleth to me, જે માલમીલકત
He took his journey, તેણે પ્રવાસ કીધો.
He began to be in want, તે તંગાસમાં આવી પડ્યો.
When he came to himself, જ્યારે તેને ભાન આવ્યું.
I perish with hunger, હું ભુખે મરૂંછું.
A great way off, ઘણો દૂર.

Father had compassion, બાપને દયા ઉપજી.
He fell on his neck, તેને કોટે બાઝી–વળગી પડયો.

LESSON XVI.

NAPOLEON. નેપોલીયન વિશે.

Na-po´-leon Bo´-na-parte, (નેપોલિયન-બોનાપાર્ટ) ફ્રાન્સનો શેહેનશાહ; મ્હોટો શૂરવીર અને નામાંકિત પુરૂષ થઇ ગયો.
Is´-land, *n.* (આયલન્ડ) ટાપુ.
Cor´-sica, *n.* (કૉર્સિકા) ભૂમધ્ય સમુદ્રમાં એક બેટ છે.
En´-tered, *v.* (એન્ટર્ડ) દાખલ થયો; રહ્યો. [અમલદાર.
Serv´-ice, *n.* (સર્વિસ) નોકરી. Of´-fi-cer, *n.* (ઑફિસર)
Ar-til´-le-ry, *n.* (આર્ટિલરિ) તોપખાનું.
Louis XVI., *n.* (લુઇ-ધિ-સિક્સ્ટીન્થ) ફ્રાંસનો રાજા હતો.
Soon af´-ter, *adv.* (સૂન-આફ્ટર) પછી થોડી મુદતમાં.
Was be-head´-ed, *v.* (ઉવૉઝ-બિહેડેડ) શિરચ્છેદ કરાયો.
Re´-bles, *n.* (રેબલ્ઝ) બળવાખોરો.
The whole land, તે આખો દેશ. [હતા.)
Was filled, *v.* (ઉવૉઝ-ફિલ્ડ) ભરાયલા હતા; (વ્યાપિ ગયા
Ter´-ror, *n.* (ટેરર) ધાસ્તી.
Vi´-o-lence, *n.* (વાયોલન્સ) જોર જૂલમ.
Pa´-ris, *n.* (પૅરિસ) ફ્રાન્સની રાજધાનીનું શેહેર.
Com-mand´, *n.* (કમાન્ડ) સરદારી.
In the com-mand´, (ઇન-ધિ-કમાન્ડ) સરદારી ઉપર.
Force´, *n.* (ફોર્સ) સૈન્ય; લશ્કર.
The low´-est, *n.* (ધિ-લોએસ્ટ) સઉથી નીચા.
Wea´-ry, *adj.* (ઉવીરિ) કંટાળી ગયલું.
Dis-or´-der, *n.* (ડિસઑર્ડર) ગેર બંદોબસ્ત; અવ્યવસ્થા.
Longed, *v.* (લૉંગ્ડ) આતુરતાથી ચાહતું–ઇચ્છતું.
Set´-tled, *adj.* (સેટ્લ્ડ) સ્થાપી.
Gov´-ern-ment, *n.* (ગવર્નમેન્ટ) રાજ્ય.
Pro-tect´-ed, *v.* (પ્રોટેક્ટેડ) રક્ષણ કીધું; બચાવ કીધો.
Coun´-cil, *n.* (કાઉન્સિલ) સભા. State, *n.* (સ્ટેઇટ) રાજ્ય.
Fired, *v.* (ફાયર્ડ) ફોડી; મારી. Can´-nons, *n.* (કૅનન્ઝ) તોપો.

Rab´-ble, *n.*. (રૅબલ) હલકા-ફીતુરી લોકો·
Had ruled, *v.* (હૅડ રૂલ્ડ) રાજ્ય કીધું હતું. [સુખ·
Or´-der, (આર્ડર) બંદોબસ્ત. Hap´-pi-ness, *n.* (હૅપિનેસ)
To re-turn´, *inf.* (ટુ-રિટર્ન) પાછું આવવું-થવું. [માંડયા·
Began to re-turn´, *inf.* પાછા આવવા લાગ્યા; પાછા થવા
Hos´-tile, *adj.* (હૉસ્ટાઈલ) વૈરી; પ્રતિકુળ; દુશ્મનાઈ રાખ-
Her-France, [નાર.
Near´-ly, *adv.* (નીઅર્લિ) ઘણું કરીને.
Aus´-tri-ans, *n.* (ઑસ્ટ્રિઅન્ઝ) ઑસ્ટ્રિઆના લોકો.
Skil´-ful, *adj.* (સ્કિલ્ફુલ) ચતુરાઈ ભરેલી; કુશળતાવાળી·
Guid´-ance, *n.* (ગાઈડન્સ) સરદારી.
Beat, *v.* (બીટ) મારી ચલાવ્યા. Fame, *n.* (ફેઈમ) કીર્ત્તિ·
Was spread, *v.* (ઉવૉઝ-સ્પ્રેડ) પથરાઈ; ફેલાઈ.
Eu´-rope, *n.* (યૂરપ) ખંડનું નામ છે.
Set out, *v.* (સેટ-આઉટ) નિકળ્યો·
Fleet, *n.* (ફ્લીટ) વહાણનો કાફલો.
To con´-quer, *inf.* (ટુ-કૉંકર) જીતવાને.
E´-gypt, *n.* (ઈજીપ્ટ) મીસર દેશ (આફ્રિકામાં છે).
Met with, *v.* (મેટ-ઉવિથ) મળ્યા; સામા આવ્યા.
Could over-come´, *v.* (ઓવરકમ) જીતી-જેરકરી શક્યો.
By sea and land, દરીઆ અને જમીન પર. [થયો.
Was beat´-en, *v.* (ઉવૉઝ-બીટ્ન) મારી ચલાવાયો; પરાજય
Arm´-y, *v.* (આર્મિ) લશ્કર; સૈન્ય. [માર્યું ગયું.
Was de-stroy´-ed, *v.* (ડિસ્ટ્રૉયડ) નાશ કરાયો; નાશ થયો;
Sud´-den-ly, *adv.* (સડન્લિ) એકાએક.
Re-turned´- *v.* (રિટર્ન્ડ) પાછો ગયો.
Changed´, *v.* (ચેઈન્જડ) ફેરફાર કીધો.
Chief, *n.* (ચીફ) અધ્યક્ષ. Ti´-tle, *n.* (ટાઈટૂલ) ખિતાબ.
Con´-sul, *n.* (કૉન્સલ) મુખ્ય અધિકારી. [કહાડી મૂક્યા.
Led, *v.* (લેડ) લઈ ગયો. Drove out, *v.* (ડ્રોવ-આઉટ)

Was crowned′, *v.* (ઉઁઝ-ક્રાઉન્ડ) રાજ્યાભિષેક કરાયો; રાજ્યા-
To plan, *inf.* (પ્લૅન) યુક્તિ-ગોઠવણ કરવી. [ભિષેક-થયો.
Be-gan′ to plan, *v.* યુક્તિ-ગોઠવણ કરવા માંડી.
Con′-quest, *n.* (કૉંક્વેસ્ટ) જીત.
As-sem′-bled, *v.* (અસેમ્બલ્ડ) એકઠું કીધું; જમાવ કીધો.
Vast, *adj.* (વાસ્ટ) મ્હોટું, ભારે.
Bou-logne′, *n.* (બુલોન) ફ્રાન્સની ઉત્તરે એક બંદર છે.
In-va′-sion, *n.* (ઇન્વેઝન) ચઢાઈ.
Could be seen, *v.* (કુડ-બિ-સીન) દેખાઈ શકતા હતા.
Chan′-nel, *n.* (ચૅનલ) ખાડી. [કાંઠેથી.
A-cross′ the chan′-nel, ખાડી (ઈંગ્લીશ ચૅનલ) ને સામે
Mas′-ters, *n.* (માસ્ટર્ઝ) ધણી; રાજા.
Tra-fal′-gar, *n.* (ટ્રફાલ્ગર) સ્પેનની દક્ષિણે ભૂશિર છે.
Great, *adj.* (ગ્રેઇટ) મ્હાન, મ્હોટો.
Nel′son, *n.* (નેલ્સન) એ મહા પુરૂષ નેલ્સન, ઈંગ્લાંડનો દરીયાઈ
યોદ્ધો—સન ૧૭૫૮-૧૮૦૫.
Rus′sia, *n.* (રશ્યા) યુરોપ ખંડની ઉત્તરે એક વિશાળ દેશ છે.
Aus′tria, *n.* (ઑસ્ટ્રિયા) યુરોપના મધ્ય ભાગમાં એક દેશ છે.
Al-ready′ *adv.* (ઑલ્રેડી) પહેલાંથી, ક્યારનું. [પડી.
League′, *n.* (લીગ) એકસંપ. Was forced, *v.* (ફોર્સ્ડ) જરૂર
Vic-to′-ries, *n.* (વિક્ટરિઝ) ફતેહ, જય.
Splen′did, *adj.* (સ્પ્લેન્ડિડ) ભારે.
Hum′-bled, *v.* (અમ્બલ્ડ) નમાવ્યા; અભિમાન ભાંગ્યું-તોડ્યું.
Na′-ples, *n.* (નેપલ્ઝ) ઇટાલીમાં એક રાજ્ય છે.
Hol′-land, *n.* (હૉલન્ડ) યુરોપ ખંડમાં એક દેશ છે.
West-pha′-lia, *n.* (વેસ્ટફેલિયા) પ્રૂશિયામાં એક પ્રાંત છે.
(being) Not con-tent′, (નૉટ-કૉન્ટેન્ટ) સંતોષ નહીં પામીને.
Suc-cess′es, *n.* (સક્સેસિઝ) જીતો.
To ab′-di-cate, *inf.* (ટુ-ઍબ્ડિકેટ) ત્યાગ કરવાની.

Joined´, *v.* (જોઇન્ડ) મળ્યું.

Em´-pire, *n.* (એમ્પાયર) અધિરાજ્ય.

Duke of Wel´-ling-ton, *n.* (ડ્યૂક-ઑવ્ વેલિંગ્ટન) ઈંગ્લાંડનો એક પ્રખ્યાત સેનાધિપતિ.

Op-posed´, *v.* (ઑપોઝ્ડ) સામા થયા.

Fi´-nal-ly, *adv.* (ફાઇનલિ) આખરે.

The Pe-nin´su-la, *n. i. s.* સ્પેન અને પોર્ચુગલ.

Am-bi´-tion, (ઍમ્બિશન) રાજ્યલોભ.

Would be sa´-tis-fied, *v.* (સૅટિસફાઇડ) સંતોષ પામે.

Vast, *adj.* (વાસ્ટ) મોટા.

Ar-rived´ (at), *v.* (ઍરાઇવ્ડ) આવી પ્હોંચ્યો.

Mos´-cow, *n.* (મૉસ્કો) રૂસ્યામાં એક શેહેર છે.

Just as, *adv.* (જસ્ટ-ઍઝ) જેવો. Win´-ter, *n.* (વિન્ટર) [શિયાળો.

Was set´-ting (in), *v.* બેસતો હતો.

Burnt´, *v.* (બર્ન્ટ) બાળી મૂક્યું.

Shel´-ter, *n.* (શેલ્ટર) આશ્રય સ્થાન; રક્ષણનું ઠેકાણું.

Had to re-treat´, *v.* (રિટ્રીટ) પાછું હઠવું પડ્યું.

Suf´-fer-ings, *n.* (સફરિંગ્ઝ) દુઃખો.

Dread´-ful, *adj.* (ડ્રેડફુલ) ભયાનક.

Bit´-ter, *adj.* (બિટર) કડકડતી. Cold *n.* (કોલ્ડ) ટાઢ.

Kill´-ed, *v.* (કિલ્ડ) મારી નાંખ્યા; (મરીગયાં).

By thou´-sands, (બાઇ થાઉઝન્ડ્ઝ) હજારોબંધ.

As they marched, જેવા તેઓ કુચ કરતા.

Cos´-sacks, *n.* (કૉસૅક્સ) રશ્યાના ઘોડેસ્વાર સીપાઇ.

Slew, *v.* (સ્લ્યુ) કાપીનાખ્યા. Ranks, *n.* (રૅંક્સ) હાર; ઓળ.

Fol´-lowed, *v.* (ફૉલોડ) પાછળ લાગ્યા.

For´-tune, *n.* (ફૉર્ચ્યુન) દશા; નસીબ.

Seemed to change, બદલાતી માલમ પડી.

Raised, *v.* (રેઇઝ્ડ) ઉભું કર્યું.

Oc-to´ber, *n.* (ઑક્ટોબર) અક્ટોબર માસ.
Leip´sic, *n.* (લીપ્સિક) જર્મની દેશમાં શેહેર છે.
Was de-feat´-ed, *v.* (ડિફીટેડ) પરાજય થયો, હાર ખાધી.
Sig´-nal-ly, *adv.* (સિગ્નલિ) બીલકુલ; તદન.
Lost, *v.* (લૉસ્ટ) મરી ગયા; મારયાગયા.
(being) Un-a´-ble, *adj.* (અનેબલ) અશક્ત હોવાથી.
To con-tend´, *inf.* (ટુ-કોન્ટેન્ડ) લડવાને.
En´-e-mics, *n.* (એનિમીઝ) શત્રુ. [જઇ રહ્યો.
Ab´di-cat-ed, *v.* (એબ્ડીકેટેડ) છોડી દીધું. Lived, *v.* (લિવ્ડ)
Pow´-er-ful, *adj.* (પાઉઅરફુલ) જોરાવર, બળવાન.
Is´-land, *n.* (આઇલન્ડ) ટાપુ.
El´-ba, *n.* (એલ્બા) ફ્રાન્સની દક્ષિણે ભૂમધ્ય સમુદ્રમાં બેટ છે.
Thence´, *adv.* (થેન્સ) ત્યાંથી.
Pri´-vate-ly, *adv.* (પ્રાઇવેટલિ) છાનામાના.
Al´-lies, *n.* (ઍલાઇઝ) એકસંપી રાજવાળા.
Wa´-ter-loo, *n.* (ઉવૉટર્લુ) બેલજ્યમ દેશમાં શેહેર છે.
Un´-der, *prep.* (અન્ડર) સરદારી નિચે. [યુદ્ધ.
Hard, *adj.* (હાર્ડ) ભારે; મોટું. Bat´-tle, *n.* (બૅટલ) લઢાઇ;
Pruss´-ians, *n.* (પ્રશ્યન્ઝ) પ્રશ્યાના લોકો.
Came up, *v.* (કેઇમ-અપ) આવી પહોંચ્યા.
Were beat´-en, *v.* હારી ગયા.
Re-mains´, *n.* (રિમેઇન્ઝ) બાકીનો ભાગ.
Were pur-sued´, *v.* (ઉવેર-પર્સ્યુડ) પાછળ લાગ્યા.
Field, *n.* (ફીલ્ડ) રણભૂમી; રણક્ષેત્ર.
Gave up, *v.* (ગેઇવ-અપ) તાબે થયો; શરણ થયો. [ઉદાર.
Month, *n.* (મન્થ) મહિનો. Gen´-e-rous, *adj.* (જેનરસ)
Con´-stant, *adj.* (કૉન્સ્ટન્ટ) દૃઢ. [બેટ છે.
St. Hele´-na *n.* (સેન્ટહેલીના) આટલાંટિક મહાસાગરમાં એક
Won´-der-ful, *adj.* (ઉવન્ડરફુલ) વિલક્ષણ; આશ્ચર્યકારક.

Ge´-ni-us, *n.* (જીન્યસ) બુદ્ધિ.
Mis-led´, *p. p.* (મિસ્લેડ) ખોટે માર્ગે દોરવાઈને-ભોળવાઈને.
Com-mit´-ted, *v.* (કમ્મિટેડ) કીધાં.
Pun´-ish-ment, *n.* (પનિશમેન્ટ) શિક્ષા.
Idioms :—The bitter cold killed them by thousands, કડકડતી ટાઢથી તેઓ હજારો બંધ મરીગયા.
All that left the ranks, જેઓ હારમાંથી છુટા પડતા.
Napoleon gave himself up to the English, નેપોલિયને અંગ્રેજોને પોતાની જાત સ્વાધીન કરી; (અંગ્રેજોને શરણ થઈ ગયો.)

LESSON XVII.

THE GI´-ANT AND THE DWARF´. **દૈત્ય અને વામનજી.**
Gi´-ant, *n.* (જાયન્ટ) રાક્ષસ; દૈત્ય.
Dwarf´, *n.* (ડ્વાર્ફ) વેંતીઓ–ઠીંગણો માણસ; વામનજી.
Once up-on´ a time, એક વખત પર.
Kept, *v.* (કેપ્ટ) રહેતા હતા. Bar´-gain, *n.* (બાર્ગિન) સાટું; કરાર.
Would for-sake´, *v.* (ઉવુડ-ફરસેઇક) છોડી દઈશું.
(to) Seek, *inf.* (સીક) શોધવા.
Ad-ven´-tures, *n.* (ઍડવેન્ચર્ઝ) હિંમતનાં કામ; જોખમનાં કામ.
Sa´-ra-cens, *n.* (સૅરેસેન્ઝ) આરબ–મહમુદી ધર્મ માનનારા.
Cou-ra´-ge-ous, *adj.* (કરેજ્યસ) હિમ્મતવાળો; છાતીવાળો.
Dealt, *v.* (ડેલ્ટ) કીધો.
Cham´-pi-ons, *n.* (ચૅમ્પ્યન્ઝ) મલ્લ, શૂરવીર.
An´-gry, *adj.* (ઍંગ્રિ) સખત. Blow, *n.* (બ્લો) ઘા.
An´-gry blow, (ઍંગ્રિ-બ્લો) ગુસ્સામાં કરેલો ઘા; સખત ઘા.
In´ju-ry, *n.* (ઇનજ્યરિ) ઇજા.
Lift´-ing up (લિફ્ટિંગ-અપ) ઊંચી કરીને.
Sword, *n.* (સોર્ડ) તલવાર. Fair-ly, *adv.* (ફેર્લિ) સફાઈથી.
Struck off, *v.* (સ્ટ્રક-ઑફ) કાપી નાંખ્યો; છેદ્યો.

Woe´-ful *adj.* (વોફુલ) દુઃખી.
Plight´, *n.* (પ્લાઈટ) હાલત; અવસ્થા.
As-sist´-ance, *n.* (ઍસિસ્ટન્સ) સહાય, મદદ.
Left dead, *v.* (લેફ્ટ-ડેડ) મુએલા રહેવા દીધા; (મારીનાંખ્યા).
Dead, *adj.* (ડેડ) મરીગએલા.
Out of spite, (આઉટ-ઑફ-સ્પાઈટ) દ્વેષથી.
Tra´-velled (on) *v.* (ટ્રૅવેલ્ડ-ઑન) આગળ ચાલ્યા.
Blood´-y mind´-ed, *adj.* (બ્લડિ-માઈન્ડેડ) ક્રૂર-ઘાતકીમનના.
Sa´-tyrs, *n.* (સૅટર્સ) અડધી માણસની અને અડધી બકરાની
આકૃતિના દેવાંશી પ્રાણી; વનદેવતા.
Were car´-ry-ing, *v.* (વેર-કૅરિંગ) લઈ જતા હતા.
Dam´sel, *n.* (ડૅમ્ઝલ) જુવાન છોકરી.
In dis-tress´, (ઈન-ડિસ્ટ્રેસ) દુઃખમાં આવી પડેલી.
Fierce, *adj.* (ફીયર્સ) જુસ્સાવાળો.
As be-fore´, *v.* (ઍઝ-બિફોર) અગાઉની માફક.
Struck, *v.* (સ્ટ્રક) કીધો, માર્યો.
Knocked´ out, *v.* (નૉક્ડ-આઉટ) ફોડી નાંખી.
Was re-turned´, *v.* (રિટર્ન્ડ) પાછો મરાયો (પાછો માર્યો).
Had fled, *v.* નાઠા હોત.
Would have killed, *v.* (વુડ-હૅવ-કિલ્ડ) મારી નાખ્યા હોત.
Cer´-tain-ly, *adv.* (સર્ટન્લિ) બેશક.
Joy´-ful, *adj.* (જૉયફુલ) ખુશ.
Was re-lieved´, *v.* (વૉઝ-રિલીવ્ડ) છોડવાઈ; છોડવી.
Fell in love, પ્યારમાં પડી; મોહિત થઈ.
Mar´-ried, *v.* (મૅરિડ) પરણી; લગ્ન કીધાં.
Far´-ther, *adv.* (ફાર્ધર) વધારે દૂર. Met (with), મળી.
Com´-pa-ny *n.* (કમ્પનિ) ટોળી.
Rob´-bers, *n.* (રૉબર્ઝ) ચોરો; લુટારા.
Fore´-most *adv.* (ફોર્મોસ્ટ) આગળ; અગાડી.

Far be-hind′, છેક પછવાડે. Stout, *adj.* (સ્ટાઉટ) ભારે;
Long, *adj.* (લૉંગ) લાંબી; ઘણો વખત પહોંચે એવી.[જબર.
Like (likely), *adv.* ઘણું કરીને.
De-clared′, *v.* (ડિક્લેર્ડ) લાભમાં થઇ.
Com-pa′-nion, *n.*(કમ્પૅન્યન) સોબતી.
He′ro, *n.* (હીરો) પેહેલવાન; છાતીવાળો આદમી.
Glo′-ri-ous, *adj.* (ગ્લોરિયસ) વખાણવા લાયક; ઉત્કૃષ્ટ.
Sport, *n.* (સ્પોર્ટ) ખેલ; રમત. Was grown, *n.* (ઉવૉઝ-
Blows, *n.* (બ્લોઝ) માર, ઘા. [ગ્રોન) થયો હતો.

Idioms:—For all that struck the first blow, તે છતાં પેહેલો ઘા તો તેણે કીધો. [તેઓની સામે આવ્યો.
The Giant was soon up with them, તે દૈત્ય તરતજ
The Dwarf had like to have been killed,, તે વામનજી મરી ગયો હોતજ.
The victory declared for the two, તે બેની જીત થઇ.
Let us get one victory more, ચાલો આપણે એક ફતેહ
I declare off, હું તો આઘો રહીશ. [વધારે મેળવીએ.

LESSON XVIII.

Love Be-tween′ Broth′-ers and Sis′-ters.

Love, *n.* (લવ) પ્યાર; હેત. What-ev′-er, *pron.* (ઉવૉટેવર)
Brawls′, *n.* (બ્રૉલ્ઝ) કજીયા. [જે જે.
Dis-turb′, *v.* (ડિસ્ટર્બ) હેરાન કરે.
Street, *n.* (સ્ટ્રીટ) મોહલ્લો. Should be, *v.* હોવી જોઇએ.
Peace, *n.* (પીસ) સલાહ; શાંતિ; સ્વાસ્થ્ય.
At home, (ઍટ-હોમ) ઘર- કુટુંબમાં. Dwell, *v.*(ડ્વેલ) રહેછે.
Quar′-rels, *n.* (કવૅારલ્ઝ). કજીયા; ટંટા.
Should come, થવા જોઇએ. [ચાલેછે.
Nests, *n*, (નેસ્ટસ) માળા. A-gree′, *v.* (ઍગ્રી) હળીમળીને
'tis=it is, (ઇટ ઇઝ) એછે·

Shame'-ful, *adj.* (શેઈમફુલ) શરમ ભરેલો.
Sight, *n.* (સાઈટ) દેખાવ. Child'-ren, *n.* (ચિલડ્રન) છોકરાં.
Fall out, *v.* (ફૉલ-આઉટ) અણબનાવ કરેછે. લડી પડેછે.
Chide, *v.* (ચાઈડ) મ્હેણાં મારેછે.
Par'-don, *v.* (પાર્ડન) માફ-ક્ષમા કર. [નાદાનીના વખતનો.
O Lord, અરે પરમેશ્વર. Child'-ish *adj.* (ચાઈલ્ડિશ)
Rage, *n.* (રેઈજ) ગુસ્સો. Lit'-tle, *adj.* (લિટ્લ) નજીવા.
Re-move', *v.* (રિમૂવ) દૂર કર. That, *conj.* કે.
As, *adv.* (ઍઝ) જેમ જેમ. Grow, *v.* (ગ્રો) વધીએ ; થઈએ.
Rip'-er, *adj.* (રાઈપર) વધારે મ્હોટી–પુખ્ત.
Age, *n.* (એઈજ) ઉમ્મર, વય.
Rip'-er age, (રાઈપર-એઈજ) મોટપણ ; પુખ્ત ઉમર.
Hearts, *n.* (હાર્ટ્સ) મનોવૃત્તિ. અંતઃકરણ.
Idioms :—As we grow to riper age, જેમ પુખ્ત ઉમરે
પહોંચીએ–ના થઈએ.

LESSON XIX.

JULIUS CÆSAR જાુલ્યસ સીઝર વિશે.

Ju'-lius Cæ'sar, *n.* (જૂલ્યસ-સીઝર) રોમન લોકનો એક
મ્હોટો સરદાર.
Con'-quer-or, *n.* (કૉંકરર) મુલક જીતનાર, વિજયી.
Was led, *v.* (વૉઝ-લેડ) દોરવાતો, ભમતો.
Love, *n.* (લવ) મોહ, લોભ.
Love of do-min'-ion, (ડોમિન્યન) રાજ્ય લોભ.
To com'-mit, *inf.* (ટુ-કમિટ) કરવાને.
No'-ble, *adj.* (નોબલ) ખાનદાનનું; કુલીન.
Daugh'-ter, *n.*(ડૉટર) છોકરી:—કર્નિલિયસની દીકરી.
Il-lus'-tri-ous, *adj.* (ઈલસ્ટ્રિયસ) નામીચા ; પ્રખ્યાત.
House, *n.* (હાઉસ) ઘર ; વંશ ; કુળ.

Re-mark´-a-ble, *adj.* (રિમાર્કેબલ) પ્રખ્યાત; નામાંકિત.
E-lo´-quent, *adj.* (એલોક્વેન્ટ) છુટાદાર.
Speak´-er, *n.* (સ્પીકર) ભાષણ કરનાર.
Ob-tained´, *v.* (ઑબ્ટેઇન્ડ) મેળવી. [ઓદ્ધા; પદવી.
High, *adj.* (હાઇ) મોટા, ભારે. Of´-fic-es, *n.* (ઑફિસિઝ)
State, *n.* (સ્ટેઇટ) રાજ્ય (રોમ શેહેર).
Sums, *n.* (સમ્ઝ) રકમો (પૈસાની). (મ્હોટાં.
In-cur´-red, *v.* (ઇનકર્ડ) કીધાં. Hea´-vy, *adj.* (હેવી) ભારે;
Debts, *n.* (ડેટસ) કરજો. Shows, *n* (શોઝ) તમાસા.
Po´-pu-lar, *adj.* (પૅાપ્યુલર) લોકપ્રિય; પ્રજાને પ્રીતિકર.
A-massed´, *v.* (અૅમાસ્ડ) એકઠી કીધી.
Im-mense´, *adj.* (ઇમેન્સ) ઘણીજ.
Per-suad´-ed, *v.* (પરસ્વેઇડેડ) મનમાં ઉતારયું; સમજાવ્યું.
Pom´-pe-ius, *n.* (પૅામ્પીઅસ) નામછે. [અસલ નામ.
Cras´-sus, *n.* (ક્રૅસસ) નામ છે. Gaul, *n.* (ગૅાલ) ફ્રાન્સનું
Re-bel´-lion, *n.* (રિબેલ્યન) બળવો; બંડ.
Crushed, *v.* (ક્રશ્ડ) સમાવ્યો; મટાડયો. [નાશ થએલા એવી.
Blood´-y, *adj.* (બ્લડિ) ખુનરેજીની, જેમાં ઘણાં માણસોનો
Bat´-tles, *n.* (બૅટલ્ઝ) લડાઇ; સંગ્રામ.
Bar-ba´-ri-ans, *n.* (બાર્બેરિયન્ઝ) જંગલી લોકો. [પર્વતો.
Dwelt, *v.* (ડવેલ્ટ) રેહેતા. Alps, *n.* (અૅલ્પ્ઝ) આલ્પ્સ
Rhin´e, *n.* (રાઇન) જર્મનીમાં નદી છે.
Crosse´d´ *v.* (ક્રૅાસ્ડ) ઓળંગી.
Straits of Do´ver, (સ્ટ્રેઇટસ-ઑફ-ડોવર) ડોવરની સામુદ્રધુની:—ફ્રાન્સ અને ઇંગ્લાંડની વચે.
Bri´-tain, *n.* (બ્રિટન) ઇંગ્લાંડ. In spite of (સ્પાઇટ) છુતાં.
Re-sist´-ance, *n.* (રિઝિસ્ટન્સ) અટકાવ; સામું થવું.
De-scribes´, (ડિસ્ક્રાઇબ્ઝ) વર્ણવેછે; બ્યાન કરેછે.
Wars (between states), *n.* (વૅાર્ઝ) લડાઇ; યુદ્ધ.

Com'-ment-a-ries, *n.* (કૉમેન્ટરીઝ) ટીકા; ભાષ્ય.
Jeal'-ous, *adj.* (જેલસ) અદેખો. Fame, *n.* (ફેઇમ) કીર્ત્તિ.
Sen'-ate, *n.* (સેનેટ) રાજ્ય સભા-મંડળી.
To re-call', *inf.* (ટુ-રિકૉલ) પાછો બોલાવવાને.
In a-larm', (ઇન-અલાર્મ) બ્હીકથી.
Re-tired', *v.* (રિટાયર્ડ) જતો રહ્યો.
Ar-riv'-ing, *pr p.* (અરાઇવીંગ) આવીને.
Pub'lic, *adj.* (પબ્લિક) સરકારી; લોકોનો.
Trea'-sure, *n.* (ટ્રેઝર-ટ્રઝ્યૂર) ખજાનો, ત્રીજોરી.
Was ap-point'ed, *v.* (ઉવૉઝ-અપૉઇન્ટેડ) નિમાયો.
Dic-ta'-tor, *n.* (ડિક્ટેટર) સ્વતંત્ર માજીસ્ટ્રેટ.
Ab'-so-lute, *ad.* (ઍબ્સોલ્યુટ) સંપૂર્ણ; કુલ.
At phar-sa'-lia, (ફાર્સેલિયા) ફાર્સેલિયા આગળ:—ગ્રીસની ઉત્તરે બેસેલી નામે પ્રાંતમાં એક શહેર છે.
King, *n.* (કિંગ) રાજા:—(૧૩ મા ટૉલમી). [નાખ્યો.
Was mur-dered', *v.* (ઉવૉઝ-મર્ડર્ડ) મારી નંખાયો; (મારી
Sev'-ered, *adj.* (સેવર્ડ) કપાઇને જૂદું પડેલું. [રડયા.
Ri'-val, *n.* (રાઇવલ) પ્રતિસ્પર્દ્ધિ; હરીફ. Wept, *v.* (ઉવેપ્ટ)
Per-pe'tu-al, *adj.* (પર્પેચ્યુઅલ) જાથુ; અનંત.
Was hon'-oured, *v.* (ઉવૉઝ-ઑાનર્ડ) માન-સન્માન મળતું.
Com'-mon, *adj.* (કૉમન) સાધારણ.
Si'-lent, *adj.* (સાઇલન્ટ) શાંત; સ્તબ્ધ. [ગઇ.
Band, *n.* (બૅન્ડ) ટોળી; મંડળી. Join'ed, *v.* (જૉઇન્ડ) મળી
Un-a-wares', *adv.* (અનૂઅવેર્ઝ) ઓચિંતો; અચાનક.
Sen'-ate house, *n.* (સેનેટ-હાઉસ) રાજ્ય સભાસ્થાન.
O-ra'-tor, *n.* (ઑારેટર) ભાષણ કરનાર.
Ad'-mi-ra-ble, *adj.* (ઍડ્મિરબલ) વખાણ કરવા લાયક, [સ્તુતિપાત્ર.
writ'-er, *n.* (રાઇટર) ગ્રંથકાર.
De-signed', *v.* (ડિસાઇન્ડ) ધાર્યું હતું; ઇચ્છયું હતું.

(to) Di'-gest, *inf.* (ટુ-ડીજેસ્ટ) વિચારયુક્ત ગોઠવણ કરવાને.
Would have been, *v.* થઈ પડત. [દશ લાખ.
Work, *n.* (ઉવર્ક) ગ્રંથ ; પુસ્તક. Mil'-li-on, *adj.* (મિલ્યન)
Caused, *v.* (કૉઝડ) થયાં, આણ્યાં (મોત).
Hu'-man race, (હ્યૂમન-રેઈસ) મનુષ્ય જાત.
How-ev'-er, *adv.* (હાઉએવર) ગમે તેવાં.
Ex-ploits', *n.* (એક્સપ્લૉઇટસ) પરાક્રમો, મહત્કૃત્યો.
May seem, *v.* નજરે દેખાય-માલમ પડે.
Good, *n.* (ગુડ) ભલું ; ફાયદો. [મેળવી.
Idioms:—He made himself popular, પોતે લોકની પ્રીતિ
Being angry at their loss of power, પોતાની સત્તા જતી
રહેલી જોઈને ધુસ્સે થવાથી.

LESSON XX.

A Story of Sultan Mahmud.

સુલ્તાન મહમદની વાત.

Sul-tan Mah'-mud, *n.* (સુલ્તાન-મહ્મુદ) નામ છે.
Are told, *v.* (આર-ટોલ્ડ) કહેવાયા છૈયે ; (વાંચ્યું છે.).
Per-pe'-tu-al, *adj.* (પર્પેચ્યુઅલ) હમેશાની, નિરંતર.
A-broad', *adv.* (એબ્રૉડ) પ્રદેશમાં ; પરમુલકમાં.
Ty'-ran-ny, *n.* (ટિરૅનિ) જુલમ. At home, પોતાના દેશમાં.
Had filled, *v.* (હૅડ-ફિલ્ડ) ભર્યા હતા.
Do-min'-i-ons, *n.* (ડોમિન્યન્ઝ) રાજ્યો.
Ru'-in, *n.* (રૂઇન) પંડીએર ; પાએમાલી.
De-so-la'-tion, *n.* (ડેસોલેશન) તારાજી.
Half, *adj.* (હાફ) અડધો અડધ.
Un-peo'-pled, *v.* (અનૂપીપલ્ડ) વસ્તી વિનાનું કીધું, ઉજડ કીધું.
Em-pire, *n.* (એમ્પાયર) રાજ્ય. Vazier, *n.* (વિઝીર) વજીર.
Pre-tend'-ed, *v.* (પ્રિટેન્ડેડ) ડોળ દેખાડતો હતો.

To have learnt, શીખ્યો હોય એવું. Cer´-tain, *v.* (સર્ટન) Of a der´-vis, (ऑाફ-આ-ડર્વિસ) એક ફકીર પાસે. [કોઇએક.
What, *pron.* (ઉવૅાટ) જે.
E´-ven-ing, *n.* (ઇવનિંગ) સાંજ; સંધ્યાકાળ.
Re-turn´, of *n.* (રિટર્ન) પાછા ફરવું તે.
On their re-turn´, (ઑાન-ધેર-રિટર્ન) તેઓના પાછા ફરતાં.
Hunt´-ing, *n.* (હન્ટિંગ) શિકાર કરવો તે, મૃગયા રમવી તે.
From hunt´ing, (ફ્રૉમ-હન્ટિંગ) શિકાર કરીને; મૃગયા રમીને.
Cou´-ple, *n.* (કપલ) જોડું. Heap, *n.* (હીપ) ઢગલો.
Rub´-bish, *n.* (રબિશ) કચરો. [ઇચ્છું છું.
Would fain (to) know, *v.* (ઉવુડ-ફેઇન-ટુ-નો) જાણવાને
Lis´ten, (to), *v.* (લિસન) સાંભળો.
Dis-course´, *n.* (ડિસ્કોર્સ) સંવાદ; વાત. Give, *v.* (ગિવ) કહો.
Ac-count´, *n.* (ઍકાઉન્ટ) બયાન; વર્ણન.
Ap-proached´, *v.* (ઍપ્રોચ્ડ) પાસે ગયો. [હોય એવું.
To be at-ten´-tive, *inf.* (ટુ-બિ-ઍટેન્ટિવ) ધ્યાન આપતો
Part, *n.* (પાર્ટ) ભાગ (થોડી).
Con-ver-sa´-tion, *n.* (કૉન્વર્સેશન) વાતચિત.
Dare, *v.* (ડેર) હિમ્મત ધરું છુઁ.
Would (not) be sa´-tis-fied, *v.* સંતોશ પામ્યો (નહીં).
Forced, *v.* (ફોર્સ્ડ) આગ્રહ કીધો.
To re-peat´, *inf.* (ટુ-રિપીટ) ફરીથી કહેવાને.
Word for word, બોલેબોલ; શબ્દે શબ્દ.
Trea´-ty, *n.* (ટ્રીટિ) કોલકરાર; સહીસાટું.
Mar´-riage, *n.* (મૅરિજ) લગ્ન. [ળાય એવી રીતે.
In my hear´ing, (હીયરિંગ) મારા સાંભળતાં; મારાથી સંભ-
Con-sent´, *v.* (કૉન્સેન્ટ) હા પાડું છુઁ.
Pro-vid´-ed, *conj.* (પ્રોવાઇડેડ) જો.
Will set´-tle (upon), *v.* (ઉવિલ-સેટ્લ) આપશો.

Ru´-ined, *adj*. (રૂઇન્ડ) નાશ થયલા.
Por´-tion, *n*. (પોર્શન) ભાગ; પહેરામણી.
If you please, જો તમારી મરજી હોય તો [સુધી.
Grant, *v*. (ગ્રેન્ટ) આપે. Whilst, *adv*. (ઉન્હાઇલ્સ્ટ) ત્યાં
Shall want, *v*. (શાલ-ઉવૉન્ટ) ન્યૂનતા રહેશે; તંગી રહેશે.
Was touched, *v*. (ઉવોઝ-ટચ્ડ) અસર થઇ.
So, *adv*. એટલી. Re-built´, *v*. (રીબિલ્ટ) ફરીથી બાંધ્યા.
Had been de-stroy´-ed, *v*. (ડિસ્ટ્રૉયેડ) નાશ થઇ ગયો હતો.
For´-ward, *adv*. (ફૉરઉવર્ડ) આગળ.
Con-sult´-ed, *v*. (કૉન્સલ્ટેડ) ઉપર વિચાર કરી કામ કીધું.
Good, *n*. (ગુડ) સારૂં; કલ્યાણ.
Idioms :—You must know then, ત્યારે તમો સાંભળો.
That grew out of a heap, જે (ઝાડ) ઢગળામાંથી ઉગ્યું હતું.
They are now upon a treaty of marriage, તેઓ હમણાં લગનના સહીસાટાં કરેછે.
From that time forward, તે વખતથી તરતજ.

LESSON XXI.

THE LOST CAMEL. ભૂલું પડેલું ઉંટ.

Lost, *adj*. (લૉસ્ટ) ખોવાએલું; ભૂલું પડેલું.
Cam´-el, *n*. (કૅમલ) ઉંટ. Der´-vis, *n*. (ડર્વિસ) ફકીર.
Was jour´-ney-ing, *v*. (ઉવૉઝ-જર્નેઇંગ) મુસાફરી કરતો-ફરતો [હતો.
De´-sert, *n*. (ડેઝર્ટ) રણ.
Mer´-chants, *n*. (મર્ચન્ટસ) વેપારીઓ.
Sud´-den-ly, *adj*. (સડન્લિ) ઓચિંતા, અચાનક.
In-deed´, *adv*. (ઇન્ડીડ) ખરેખર.
We have (lost), *v*. અમે ખોયું છે.
Re-plied´, *v*. (રિપ્લાઇડ) જવાબ દીધો.
Blind, *adj*. (બ્લાઇન્ડ) આંધળું.

Right, *adj*. (રાઈટ) જમણી. [ડાબો.
In his right eye, તેની જમણી આંખે. Left, *adj*. (લેફ્ટ)
Front, *adj*. (ફ્રન્ટ) આગલો.
Had lost (a tooth), *v*. પડી ગયો હતો.
Re-joined´, *v*. (રિજૉઇન્ડ) જવાબ દીધો. [હતો).
Was load´-ed, *v*. (વૉઝ-લોડેડ) લદાયલો હતો, (લાદેલો
Most cer´-tain-ly, *adv*. (મોસ્ટ-સર્ટન્લિ) નક્કિ.
So late´-ly, *adv*. (લેઇટ્લિ) હમણાંજ.
(have) marked, *v*. (માર્કડ) તપાસ્યું છે. [વાર.
Par-ti´-cu-lar-ly, *adv*. (પર્ટિક્યુલર્લિ) બારીકાઈથી; વિગત-
Pro-ba-bil´-i-ty, *n*. (પ્રૉબેબિલિટિ) સંભવ.
In all pro-ba-bil´-i-ty, (પ્રૉબેબિલિટિ) સોવસા; નક્કી.
Can con-duct´, *v*. (કન્ડક્ટ) લઈ જશો.
Pret´-ty, *adj*. (પ્રિટિ) મજાની; સુંદર; ખાસી.
Jew´-els, *n*. (જ્યૂએલ્ઝ) જવાહેર.
Formed, *v*. (ફૉર્મ્ડ) થયો હતો; બન્યો હતો.
Car´-go, *n*. (કાર્ગો) સામાન; માલ.
Re-peat´-ed, *v*. (રીપીટેડ) ફરીથી કહ્યું.
Seized, *v*. (સીઝ્ડ) પકડ્યું. Per´-son, *n*. (પર્સન) શરીર.
Forth´-with, *adv*. (ફોર્થવિથ) લાગલોજ; તરતજ.
Hur´-ried, *v*. (હરિડ) જલદીથી લઇ ગયા.
Cadi, *n*. (કાદિ) કાજી સાહેબ.
Strict´-est, *adj*. (સ્ટ્રિક્ટેસ્ટ) ઘણીજ બારીક; પાકી. [રાવો.
Search, *n*. (સર્ચ) તપાસ. Ev´-i-dence, *n*. (એવિડન્સ) પુ-
Could be ad-duced´, *v*. (કુડ-બિ-ઍડ્યૂસ્ડ) રજુ કરી શકાયો.
To con-vict´, *inf*. (ટુ-કૉન્વિક્ટ) અપરાધી ઠરાવવાને.
False´-hood, *n*. (ફૉલ્સહુડ) જુઠાણું. Theft, *n*. (થેફ્ટ) ચોરી.
To pro-ceed´, *inf*. (ટુ-પ્રોસીડ) મુકરદમો-કામ ચલાવવાને.
Sor´-cer-er, *n*. (સૉર્સરર) જાદુગર.

When, *adv.* (ઉહ્‍ન) એટલામાં.
Calm´-ness, *n.* (કામ્‌નેસ) શાંતપણું ; સ્થિરતા.
Ad-dress´-ed, (ઍડ્રેસ્ડ) અરજ કીધી.
Have been a-mused´, *v.* (હેવ-બિન-ઍમ્યૂઝ્ડ) ખુશ થયો છું.
Sur-prise´, *n.* (સર્પ્રાઇઝ) આશ્ચર્યતા. Own, *v.* (ઓન્‌) [કબૂલ કરૂં છુઉં.
Ground, *n.* (ગ્રાઉન્ડ) કારણ; આધાર.
Sus-pi´-cions, *n.* (સસ્પિશન્ઝ) વહેમ.
Am´-ple, (ઍમ્પલ) પુષ્કળ.
Scope, *n.* (સ્કોપ) અવકાશ ; તક ; ર છુટ. [તપાસ.
Ob-serv-a´-tion, *n.* (ઑબ્ઝર્વેશન) અવલોકન; લક્ષપૂર્વક
E´-ven, *adj.* (ઇવન) પણ. Track, *n.* (ટ્રૅક) પગલું.
Had stray´-ed, *u* (હૅડ-સ્ટ્રેઇડ) ભૂલું પડયું હતું.
Own´-er, *n.* (ઓનર) ધણી. Mark, *n.* (માર્ક) નિશાણી.
Foot´-steps, *n.* (ફુટ્-સ્ટેપ્સ) પગલાં.
Hu´-man, *adj.* (હ્યૂમન) મનુષ્યનાં. Route, *n.* (રૂટ) રસ્તો.
Had cropped, *v.* (હૅડ-ક્રૉપ્ડ) કરડી હતી ; તોડીને ખાધી હતી.
Herb´-age, *n.* (અર્બેજ) લીલી ચાર ; ભાજીપાલો.
Faint, *adj.* (ફેઇન્ટ) ઝાંખી; આછી.
Per-ceived´, *v.* (પર્સીવ્ડ) માલમ પડચું.
Im-pres´-sion, *n.* (ઇમ્પ્રેશન) નિશાણી ; છાપ.
Had pro-duced´, *v.* (હૅડ-પ્રોડ્યૂસ્ડ) કીધી હતી ; (પડીહતી).
Par-ti´-cu-lar, *adj.* (પર્ટિક્યુલર) મુકર્રર ; અમુક.
Con-clud´-ed, *v.* (કૉન્‌કલૂડેડ) અનુમાન કીધું, તર્ક બાંધ્યો.
Had lost, *v.* (હૅડ-લૉસ્ટ) ખોયો હતો ; (પડી ગયો હતો).
Wher-ev´-er, *adv.* (વેરએવર) જ્યાં જ્યાં, જે જે જગોએ.
Had grazed, *v.* (હૅડ-ગ્રેઇઝ્ડ) કરડયા હતા, ચર્યું હતું, [હતો).
Tuft, *n.* (ટફ્ટ) ઝુમખો. Was left, *v.* રખાયો હતો ; (રહ્યો
Un-in´-jured, *adj.* (અનઇન્જર્ડ) અનામત; (કરડયા વગરનો).
Cen´-tre, *n.* (સેન્ટર) વચલો ભાગ.

Bite, *n.* (બાઇટ) કરડવું તે. Bur′-den, *n.* (બર્ડન) બોજો; [ભાર.
Clus′-ter-ing, *adj.* (ક્લસ્ટરિંગ) ટોળાબંધ.
Idioms :—Which formed a part of his cargo, જે લાદેલા સામાનમાં હતું.
[નીકળ્યું નહીં.
Nothing could be found upon him, તેની કનેથી કશુંએ
They were then about to proceed against him, પછી તેઓ તેના ઉપર મુકરદમો (કામ) ચલાવવા જતા હતા.
But I have lived long and alone, પણ હું ઘણાં વર્ષ સુધી એકલો રહેલો છું.
As to that which formed the burden of the beast, તે પશુપર જે બોજો (માલ) બાંધેલો હતો તે વિશે પુછતા હોતો.

LESSON XXII.*

Lord Ba′-con. લૉર્ડ બેકન વિશે.

Fran′-cis Ba′-con, *n.* (ફ્રેન્સીસ-બેકન) નામ છે.
Il-lus′-tri-ous, *adj.* (ઇલસ્ટ્રિયસ) નામાંકિત. [માબાપનેપેટે.
Of il-lus-trio-us pa′-rents, (ઇલસ્ટ્રિયસ-પેરન્ટસ) નામાંકિત
Ni′- cho-las Ba′-con, *n.* (નિકૉલસ-બેકન) નામ છે.
Keeper, *n.* (કીપર) રાખનાર.
Great Seal, *n.* (ગ્રેઇટ-સીલ) મોટી મ્હોર, સિક્કો.
Queen E-li′-za-beth, *n.* (ક્વીન-એલીઝાબેથ) ઈંગ્લંડની રાણી, ઈ. સ. ૧૫૫૮–૧૬૦૩.
Anne Bacon, *n.* (ઍન-બેકન) નામ છે.
Learn′-ed, *adj.* (લર્નેડ) વિદ્વાન. La′-dy, *n.* (લેડિ) સ્ત્રી.
Versed, *adj.* (વર્સ્ડ) પ્રવીણ, નિપુણ.
An′-cient, *adj.* (એન્શ્યન્ટ) પ્રાચીન. [ભાષાઓ.
Mo′-dern, *adj,* (મૉડર્ન) અર્વાચીન. Tongues, *n.* (ટંગ્ઝ)
Had trans-lat′-ed, *v.* (હૅડ-ટ્રાન્સલેટેડ) તરજુમા કીધા હતા.
From ear′-li-est years, (અર્લિએસ્ટ-ઇયર્ઝ) બચપણથી.
Re-li-gi′-ous, *adj.* (રિલિજસ) ધર્મ સંબંધી.

Re-li′-gious books, (રિલિજસ-બુક્સ) ધર્મ સંબંધી ગ્રંથો.
Pro′-mise, *n*. (પ્રૉમિસ) આશા ; આશાધાર.
Fu′-ture, *adj*. (ફ્યૂચર) ભવિષ્યની ; પછીની.
Great′-ness, *n*. (ગ્રેઇટનેસ) કીર્ત્તિ.
(being) struck, *p. p*. (સ્ટ્રક) આશ્ચર્ય પામવાથી.
Ready an′-swer, (રેડિ-ઍન્સર) હાજર જવાબ.
Named′, *v*. (નેઇમ્ડ) નામ આપ્યું. Jest, *n*. (જેસ્ટ) મશ્કરી.
Was bred, *v*. (ઉવૉઝબ્રેડ) કેળવાયો ; શીખ્યો.
Learn′-ing, *n*. (લર્નિંગ) વિદ્યા.
All the learn′-ing, સઘળી જાતની વિદ્યા.
Cam′-bridge, *n*. (કેમ્બ્રિજ) ઈંગ્લંડમાં એક શેહેરછે ; અને ત્યાં એક મોટી પાઠશાળા છે. [નિમાયોહતો.
Was e-lect′-ed, *v*. (ઉવૉઝ-ઇલેક્ટેડ) પસંદ કરાયો હતો ;
Mem′-ber, *n*. (મેમ્બર) સભાસદ. [સભા.
House of Com′mons, *n*. (હૌસ-ઑવ્-કૉમન્ઝ) આમ લોકની
Made (him-self) known, *v*. પ્રખ્યાત થયો.
E-lo′-quence, *n*. (એલોક્વન્સ) સુભાષણ.
Was knight′-ed, *v*. (ઉવૉઝ-નાઇટેડ) નાઇટનો ખિતાબ આપ્યો. [૧૬૦૩–૧૬૨૫.
James I. (જેઇમ્સ-ધ-ફર્સ્ટ) ઈંગ્લંડ નો એક રાજા ઈ. સ.
Lord High Chan′-cel-lor, *n*. (લૉર્ડ-હાઇ-ચૅન્સેલર) વિલાયતમાં ન્યાયની કોરટનો મુખ્ય ન્યાયાધીશ.
Ba′ron Ver′-u-lum, *n*. (બૅરન-વેર્યૂલમ) ખિતાબ છે.
Vis′count, St. Al′-bans, *n*. (વાઇકૌન્ટ સેન્ટ-ઑલ્બન્સ).
Judge, *n*. (જજ) ન્યાયાધીશ. [આવ્યું હતું.
Was ac-cused′, *v*. (ઉવૉઝ-ઍક્યૂઝ્ડ) તોહોમત મૂકવામાં
Of tak′-ing money, પૈસા-લાંચ લીધાનું.
Suit′-ors, *n*. (સૂટર્ઝ) વાદીઓ ; ફરીયાદી કરનારા.
Dis-grace′, *n*. (ડિસગ્રેઇસ) નામોશી ; અપકીર્ત્તિ.

States´-man, *n.* (સ્ટેઈટસમન) પ્રધાન; રાજમંત્રી.
Loy´-al, *adj.* (લૉયેલ) રાજભક્ત, વફાદાર.
Rests, *v.* (રેસ્ટ્સ) આધાર રાખેછે; (લીધેછે).
Phi-los´-o-phy, *n.* (ફિલૉસૉફિ) તત્વશાસ્ત્ર-ગ્નાન.
Life, *n.* (લાઈફ) વૃત્તાંત.
It has been said, કહેવામાં આવ્યું છે.
Cen´-tu-ry, *n.* (શેન્ચ્યુરિ) સૈકો; સદી.
Knew but little, કંઈ જાણતા ન્હોતા.
Ill, *adj.* (ઈલ) ખરાબ, નઠારૂં.
Nat´-u-ral Sci´-ence, (નૅચરલ-સાયન્સ) સૃષ્ટિ પદાર્થ ગ્નાન.
Per´-se-cut-ed, *v.* (પર્સીક્યૂટેડ) જુલમ ગુજારતા.
Sought (aft´-er), *v.* (સૉટ-આફટર) મેળવવાને પ્રયત્ન કરતાં.
Err´-or, *n.* (એરર) ભૂલ.
To for´ward, *inf.* (ટુ-ફૉરવર્ડ) વધારવાને.
Na´-ture, *n.* (નેચર) સૃષ્ટિ માંહેલા પદાર્થો.
Are read, *v.* (આર-રેડ) વાંચવામાં આવેછે; (વંચાયછે).
Are es-teemed´, *v.* (આર-એસ્ટીમ્ડ) વખણાય છે.
Works, *n.* (ઉવર્ક્સ) ગ્રંથો.
High´-est, *adj.* (હાઈએસ્ટ) ઊંચા પ્રકારની.
Ge´-ni-us, *n.* (જીનીઅસ) ઈશ્વરદત્ત બુદ્ધિ.
Fath´-er, *n.* (ફાધર) જન્મ આપનાર.
Mo´dern, *adj.* (મૉડર્ન) અર્વાચિન, હાલની.
A-vail´, *n.* (અવેઈલ) ફાયદો.
O´-ver and o´-ver again´, વારેવારે.
Care´-ful, *adj.* (કેરફુલ) સંભાળ પૂર્વક.
Ex-pe´-ri-ments, *n.* (એક્સપેરિમેન્ટસ) પદાર્થના ગુણની [પરિક્ષા; પ્રયોગ.
Man-kind´, *n.* (મેન્કાઈન્ડ) મનુષ્યમાત્ર.
Will in-crease´, *v.* (ઉવિલ-ઈન્ક્રીઝ) વધશે.
Con-tin-ual-ly, *adv.* (કૉન્ટિન્યુઅલિ) હમેશાં; દિન પર દિન.

Book′-men, (બુક્મેન) ગ્રંથો પર આધાર રાખનાર માણસો ; [પંડિતો.
To dis-pute′, *inf.* (ટુ-ડિસ્પ્યૂટ) વાદકરવાને.
Quot′-ing, *pr. p.* (ક્વોટિંગ) વચનનો આધાર આપીને.
Au′-thors, *n.* (ઑથર્ઝ) ગ્રંથ કર્ત્તા.
Pa′-tient-ly, *adv.* (પેશન્ટલિ) ધીરજથી.
Words, *n.* (ઉવર્ડ્ઝ) (*pl.*) બોલવું, કહેવું.
Grad′-u-al-ly, *adv.* (ગ્રૅડયુઅલિ) ધીમેધીમે.
Pre-vailed′, *v.* (પ્રિવેઇલ્ડ) જય પામ્યું ; આગળ પડતું ગયું.
To ob-serve′, *inf.* (ટુ-ઑબ્ઝર્વ) તપાસીને જોવાને ; અવ- [લોકન કરવાને.
Facts, *n.* (ફૅક્ટસ) ખરી-સાચી વાતો.
To found, *inf.* (ટુ-ફાઉન્ડ) પાયો નાખવાને.
As-tro′-no-mers, *n.* (ઍસ્ટ્રૅનોમર્ઝ) ખગોળશાસ્ત્રી-વેત્તા.
Chose, *v.* (ચોઝ) પસંદ કીધી.
Chem′-ist-ry, *n.* (કેમિસ્ટ્રિ) રસાયન શાસ્ત્ર.
Mag′-net-ism, *n.* (મૅગ્નેટિઝ્મ) લોહ ચુંબક શાસ્ત્ર.
A-nat′-o-my, *n.* (એનૅટમિ) શરીર વિદ્યા.
Na′-tur-al his′-to-ry, (નચૂરલ-હિસ્ટરિ) પ્રાણી વિદ્યા.
Took-up, *v.* (ટુક-અપ) લીધું.
Me-chan′-ics (મિકૅનિક્સ) યંત્ર શાસ્ત્ર. [થઈ.
Hence, *adv.* (હેન્સ) પછી. Fol′-lowed, *v.* (ફૉલોડ) પછી
Won′-der-ful, *adv.* (ઉવન્ડરફુલ) ચમત્કારિક.
In-ven′-tions, *v.* (ઇન્વેન્શન્ઝ) નવી શોધો ; અન્વેષણ.
So′-lar, (સોલર) સૂર્યનું. Sys′-tem, *n.* (સિસ્ટમ) મંડળ ;
So′-lar sys′-tem, (સોલર-સિસ્ટમ) સૂર્ય મંડળ-માળા. [માળા
E-lec-tric, *adj.* (ઇલેક્ટ્રિક) વિજળીના વડે ચાલતો.
Tel′-e-graph, *n.* (ટેલીગ્રૅાફ) તારનો સંદેશો. [તારનો સાંચો.
E-lec′-tric tel′-e-graph, (ઇલેક્ટ્રિક-ટેલીગ્રૅાફ) વિજળીનો
Steam, *adj.* (સ્ટીમ) વરાળથી ચાલનારૂં.
En′-gine, *n.* (એન્જિન) યંત્ર.

Steam en´-gine, (સ્ટીમ-એન્જીન) વરાળયંત્ર.
Me´-di-cal, *adj.* (મેડિકલ) વૈદક.
Are due (to), *v.* (આરડ્યૂ) દેણદાર છે; (લીધે થયલું છે).
Ad-vice´, *n.* (ઍડ્વાઈસ) સલાહ.
Trust in, *v.* (ટ્રસ્ટ) ભરોસો રાખીને બેસી રહેછે.
Thou´-sands of years, હજારો વર્ષો.
Idioms:—Bacon gave promise of future greatness, આગળ કીર્ત્તિવાન થશે એવાં ચિન્હ બેકનમાં દેખાતાં હતાં.
He fell into dis-grace, તેની અપકીર્ત્તિ થઈ.
You must use your eyes, તમારે તપાસ કરી જોવું જોઈએ.

LESSON XXIII.

AN ANECDOTE OF A PAINTER.

એક ચિતારાની વાત.

Paint´-er, *n.* (પેઈન્ટર) ચિતારો.
Em´-in-ence, *n.* (એમિનન્સ) આબરૂ; નામાંકિતપણું.
A paint´-er of em´-in-ence, એક આબરૂદાર-નામાંકિત ચિતા- [રો.
Was re-solved´, *v.* (ઉવૉઝ રિઝૉલ્વ્ડ) નિશ્ચય-ઠરાવ કીધો.
To fin´-ish, *inf.* (ટુ-ફિનિશ) પુરૂં કરવાને.
Piece. *n.* (પીસ) ચિત્ર, તસ્વીર.
Should please, *v.* (શુડ-પ્લીઝ) ખુશ કરે; મનરંજન કરે.
World, *n.* (ઉવર્લ્ડ) દુનિયાના લોકો.
The whole world, આખી દુનિયાના લોકો.
Had drawn, *v.* (હૅડ-ડ્રૉન) ચિતરી-કહાડી હતી.
Pic´-ture, *n.* (પિક્ચર) ચિત્ર; છબિ.
Ut´-most, *adj.* (અટ્મોસ્ટ) અતિશય.
Skill, *n.* (સ્કિલ) કિસબ; હુનર; ચતુરાઈ.
Was ex-haust´-ed, *v.* (ઉવૉઝ-એગ્ઝૉસ્ટેડ) વાપરી દીધો.
Was ex-posed´, *v.* (એક્સપોઝ્ડ) ખુલી રીતે મુકી.

Pub′-lic, *adj.* (પબ્લિક) જાહેરાત; લોકોપયોગી.
Mar′-ket place, (માર્કેટ-પ્લેઇસ) બજાર.
Di-rec′-tions, *n.* (ડિરેક્શન્ઝ) સૂચના.
At the bot′-tom, (ઍટ-ધ-બૉટમ) નિચે; તળે.
Spec-ta′-tor, *n.* (સ્પેક્ટેટર) જોનાર; તમાસગીર.
To mark, *inf.* (ટુ-માર્ક) નિશાણી કરવાને.
Brush, *n.* (બ્રશ) પીછી; ચિતારાની કલમ.
Lay by, (લે-બાઇ) પાસે મૂકવામાં આવતી હતી.
Limb, *n.* (લિમ) ભાગ. Fea′-ture, *n.* (ફીચર) આકૃતિ.
Seemed, *v.* (સીમ્ડ) દેખાયું; માલમ પડયું.
Er-ro′-ne-ous, *adj.* (એરોન્યસ) ખામી ભરેલો.
In gen′e-ral, (ઇન-જેનરલ) ઘણું કરીને બધા.
Ap-plaud′-ed *v.* (ઍપ્લૉડેડ) વખાણ કીધાં.
Ta′-lent, *v.* (ટૅલન્ટ) બુદ્ધિ; અક્કલ; ર હોશિયારી.
Cri′-ti-cism, *n.* (ક્રિટિસિઝમ) ખોડખાપણ કાઢવી તે.
At e′ven-ing, (ઍટ-ઇવનિંગ) સાંજના; સંધ્યાકાળે.
Was mor′-ti-fied, *v.* (ઉવૉઝ-મૉર્ટિફાઇડ) ખેદથયો; અત્યંત
Blot, *n.* (બ્લૉટ) ડાઘ; છેકો. [દિલગીર થયો.
U-ni-vers′-al, *adj.* (યુનિવર્સલ) આખી; બિલકુલ.
Universal blot, બિલકુલ–બધી છેકાવાળી.
Stroke, *n.*(સ્ટ્રોક) લીટી. [ણી કરેલી.
Stig′-mat-ized, *p. p.* (સ્ટિગ્મૅટાઇઝડ) છેકા મારેલી; નીશા-
Dis-ap′-pro-ba-tion, *n.* (ડિસઍપ્રોબેશન) નાપસંદતા.
(being) Sa′-tis-fied, *p. p.* (સૅટિસફાઇડ) સંતોષ પામ્યાથી.
Tri′-al, *n.* (ટ્રાયલ) અજમાયશ.
To try, *inf.* (ટુ-ટ્રાઇ) પારખું-કસી જોવાને.
Dif′-fer-ent, *adj.* (ડિફરન્ટ) જુદીજ.
As be-fore′, અગાઉની પેઠે–માફક.
De-sired′, *v.* (ડિઝાયર્ડ) કહ્યું; વિનંતિ કરી.

Beau′-ties, *n.* (બ્યૂટિઝ) સુંદરતા; ખુબસુરતી.
Ap-proved′, *v.* (અપ્રૂવ્ડ) પસંદ પડે.
Ad-mired′, *v.* (અૅડ્માયર્ડ) વખાણ કરે.
Com-plied, *v.* (કૉમ્પ્લાઇડ) કબૂલ કીધું; તે પ્રમાણે કીધું.
Art′-ist, *n.* (આર્ટિસ્ટ) કારિગર; ચિતારો.
Re-turn′-ing, *pr. p.* (રિટર્નિંગ) પાછો-ફરી આવ્યો ત્યારે.
Re-plete′with, *adj.* (રિપ્લીટ) પૂર્ણ; ભરપૂર. [હતી.
Had been con-demned′, *v.* (કૉન્ડેમ્ડ) નાપસંદ કરવામાં આવી-
Re-ceived′, *v.* (રિસીવ્ડ) મળવી.
Cha′-rac-ter, *n.* (કૅરૅક્ટર) નિશાણી; ચિન્હ; લક્ષણ.
Ap-pro-ba′-tion, *n.* (અૅપ્રોબેશન) વખાણ; પ્રસન્નતા.
Well–it is well, વારુ; ઠીક.
Way, *n.* (વે) રસ્તો; ઉપાય.
To mind, *inf.* (ટુ-માઇન્ડ) લક્ષ-ધ્યાન દેવું; ગણકારવું.
Half, *n.* (હાફ) અરધો ભાગ, અરધા લોકો.
Since, *conj.* (સિન્સ) કેમકે. What, *pron.* (વૉટ) જે.
Shall be re-gard′-ed, *v.* (રિગાર્ડેડ) ગણાશે.
Faults, *n.* (ફૉલ્ટસ) ભૂલ; ખામી.
To find the whole picture one universal blot, તે આખી છબીમાં બધે છેકા મારેલા જોઇને.

LESSON XXIV.

The Love of Birds for their Young.

પક્ષિઓનું પોતાનાં બચ્ચાં તરફ હેત.

Love, *n.* (લવ) હેત; પ્રેમ. Young, *n.* (યંગ) બચ્ચાં.
Hen, *n.* (હેન) મરઘી. Just, *adv.* (જસ્ટ) થોડીવાર પર; [તરતજ.
Long′-er, *adv.* (લૉંગર) વધારે વાર.
Pla′-cid, *adj.* (પ્લૅસિડ) શાંત.
Used to be, હતું. Feath′-ers, *n.* (ફેધર્ઝ) પિછાં.
On end, (એન્ડ) છેડાપર; (ટટાર) ઉભાં.

Ho′-ver-ing, *pr. p.* (હોવરિંગ) પાંખો ફફડાવતાં [વાજ કરતી.
Cluck′-ing, *adj.* (કલકિંગ) સેવણ બેઠેલી મરઘીના જેવો અ-
Note, *n.* (નોટ) અવાજ. Runs, *v.* (રન્ઝ) દોડેછે.
A-bout′, *adv.* (એબાઉટ) આમતેમ.
Pos-sessed′, *p. p.* (પઝેસ્ડ) ભૂત ભરાયું હોય એવી.
Dams, *n.* (ડૅમ્ઝ) માદી.
Will throw themselves, *v.* પોતાની જાતને નાંખશે-પડશે.
In the way, રસ્તામાં (માં). To avert, *inf.* (ટુ-ઍવર્ટ)
Pro′-ge-ny, *n.* (પ્રૉજેનિ) બચ્ચાં. [દૂર કરવાને.
Par′-tridge, *n.* (પાર્ટ્રિજ) તિત્તર; કપિંજલ.
Will tum′-ble along, *v.* (ઉવિલ-ટમ્બલ) ધસીને પડેછે.
Sports′-man, *n.* (સ્પોર્ટ્સમૅન) પારધી; શીકારી.
To draw a-way′, (ટુ-ડ્રૉ-અવે) હાંકી મૂકવાને.
Help′-less, *adj.* (હેલ્પલેસ) નિરાધાર; દુર્બલ.
Cov′-ey, *n.* (કવિ) તિત્તરનાં બચ્ચાં.
Ni′-di-fi-ca′-tion, *n.* (નિડિફિકેશન) માળો બાંધવાની અને ઈંડાને સેવવાની અને પછી તેમને ઉછેરવાની ક્રિયા.
Fee′-ble, *adj.* (ફીબલ) નબળા, અશક્ત.
Will as-sault′, *v.* (ઉવિલ ઍસૉલ્ટ) તુટી પડશે; હલ્લો કરશે.
Ra-pa′-ci-ous, *adj.* (રૅપેશ્યસ) ફાડીખાનારા; હિંસક.
Swal′-lows, *n.* (સ્વૉલોઝ) ચલિયાં.
Sight, *n.* (સાઇટ) દેખાવ.
At the sight of, જોઇને. Hawk, *n.* (હૉક) બાજ; શકરો.
Will per′-se-cute, *v.* (પર્સિક્યૂટ) જૂલમ ગુજારશે; હેરાન
Leaves, *v.* (લીવ્ઝ) છોડી દેછે. [કરશે છે.
Dis′-trict, *n.* (ડિસ્ટ્રિક્ટ) પ્રદેશ; જગ્યા.
Ob-serv′-er, *n.* (ઑબ્ઝર્વર) બારીકીથી તપાસ કરનાર.
Ex-act′, *adj.* (ઍગ્ઝૅક્ટ) સંભાળ પૂર્વક; બારીક.
Has re-marked′, *v.* (હૅઝ-રિમાર્ક્ડ) લખેલું–કહેલું છે.

Pair, *n.* (પેર) જોડું. Ra´-vens, *n.* (રેઇવન્સ) જંગલી કાગડા.
Nest´-ing, *pr. p.* (નેસ્ટિંગ) માળો બાંધતા.
Rock, *n.* (રૉક) ખડક. [આવેલો કીલ્લો છે.
Ge-bral´-tar, *n.* (જીબ્રૉલ્ટર) એ નામની સામુદ્રધુની પર
Vul´-ture, *n.* (વલ્ચર) ગીધ પક્ષી.
To rest, *inf.* (ટુ-રેસ્ટ) રહેવા દેવાને. [ડ્રાઇવ) હાંકીકાઢેછે.
Sta´-tion, *n.* (સ્ટેશન) રહેઠાણ. Would drive, *v.* (વુડ-
At the sea´-son of breed´-ing, જન્મ આપતી વખતે.
Hill, *n.* (હિલ) ટેકરી. A-maz´-ing, *adj.* (ઍમેઝિંગ)
Fu´-ry, *n.* (ફ્યૂરિ) જુસ્સો. [આશ્ચર્ય ઉપજાવે એવી.
Thrush, *n.* (થ્રશ) એક જાતનું ગાતું પક્ષી: મદનસારિકા.
Sea´-son, *n.* (સીઝન) વખત.
Breed´-ing, *n* (બ્રીડિંગ) જન્મ આપવો તે; બચ્ચાંને સેવવું તે.
Would dart out, *v.* જુસ્સાભેર નિકળેછે.
Clefts, *n.* (ક્લેફ્ટસ) ફાટો; બખોલો.
To chase a-way´, (ચેઇસ-અવે) નસાડવાને.
Kes´-trel, *n.* (કેસ્ટ્રેલ) એક જાતનો સકરો.
Spar´-row hawk, (સ્પૅરો-હૉક) એક જાતનો સકરો.
Young, *n.* (યંગ) બચ્ચું.
Will (not) be in-duced´, (ઇન્ડ્યૂસ્ડ) લલચાતી નથી.
To be-tray´, *inf.* (ટુ-બિટ્રે) ફસાવવાને.
In-ad-vert´-ant, *adj.* (ઇન્-ઍડવર્ટન્ટ) અસાવધ; ગાફેલ.
Fond´-ness, *n.* (ફૉન્ડનેસ) મમતા; પ્રેમ.
Will wait a-bout´, રાહ જોશે (જોયછે).
Meat, *n.* (મીટ) માંસ; ભક્ષ.
At a dis´-tance, (ઍટ-આ-ડિસ્ટન્સ) દૂરથી.
Idioms:—Just became a mother, મા થઇ કે તરતજ.
Are up in arms, સામા થવાને તૈયાર થાય છે.
Would suffer to rest, રહેવા દે.

LESSON XXV.

CHARLEMAGNE. શાર્લમેન વિશે.

Charle-magne′, *n.* (શાર્લમેન) રાજાનું નામ છે.
Mo′-gul, *adj.* (મોગલ) મુગલ લોકોની.
De-cayed′, *v.* (ડિકેઈડ) નાશ પામ્યું ; પડી ભાંગ્યું.
Princes, *n.* (પ્રિન્સિઝ) રાજા.
Cor-rupt′, *adj.* (કરપ્ટ) બગડેલા ; ભ્રષ્ટ થયલા.
The rich, *n.* શ્રીમંત, પૈસાદાર લોકો.
Lux′-u-ry, *n.* (લક્ઝ્યુરિ) મોજ શોખ ; એશઆરામ.
La′-zy, *adj.* (લૅઈઝિ) આળસુ. Wretch′-ed, *adj.* (રેચેડ)
Sol′-diers *n.* (સોલ્જર્ઝ) સીપાઈઓ. [દુ:ખી; કંગાળ.
Dared′, *v.* (ડેર્ડ) હિંમત-છાતી ચલાવતા.
(to) Fight, *inf.* (ફાઈટ) લડવાને.
Was ne-glect′-ed, *v.* (વૉઝ-નિગ્લેક્ટેડ) વિસારી મુકાઈ.
Pro-fessed′, *v.* (પ્રોફેસ્ડ) આવડેછે એમ બતાવતા ; ડંફો
Passed, *v.* (પાસ્ડ) ગુજારતા. [રાખતા.
I′-dle, *adj.* (આઈડ્લ) નકામો.
Dis-putes′, *n.* (ડિસ્પ્યૂટ્સ) વાદવિવાદ.
Ques′-tions, *n.* (ક્વેસ્ચન્ઝ) તકરાર.
Ones *for* books, ગ્રંથો. In like man′-ner, એજ રીતે.
Sculp′-tors, *n.* (સ્કલ્પટર્ઝ) નકશી કોતરનારા.
Paint′-ers, *n.* (પેઈન્ટર્ઝ) ચિતારા; ચિત્રકારો.
Ar′-chi-tects, *n.* (આર્કિટેક્ટ્સ) શિલ્પીઓ.
(being) Un-a′-ble, *adj.* (અનેબલ) અશક્ત હોવાથી.
To e′-qual, *inf.* (ટુ-ઈક્વલ) બરાબરી કરવાને.
Works, *n.* (વર્ક્સ) કામો.
Art′-ists, *n.* (આર્ટિસ્ટ્સ) કારિગરો ; શિલ્પીઓ.
Em-ploy′-ed, *v.* (એમ્પ્લૉઈડ) કામે લગાડતા; (કામે લાગતા).
Copies, *n.* (કૉપીઝ) નકલો; ઉતારા.

Lang′-uished, *v.* (લૅંગ્વિશ્ડ) નબળી થઈ ; પડી ભાંગ્યું.
In-ven′-tions, *n.* (ઇન્વેન્શન્ઝ) નવી શોધો.
Was sink′-ing, *v.* (ઉવૉઝ-સિંકિંગ) ડુબતું-ડુબતું હતું.
State, *n.* (સ્ટેઈટ) હાલત; સ્થિતિ.
Shame′-ful, *adj.* (શેઈમફુલ) શરમ ભરેલી.
Sloth, *n.* (સ્લોથ) મંદ બુદ્ધિ.
Shame′-ful sloth, (શેઈમફુલ-સ્લોથ) શરમ ભરેલી મંદ બુદ્ધિ.
When, *adv.* એટલામાં. Hordes, *n.* (હોર્ડ્ઝ) ટોળાં.
Wild, *adj.* (ઉવાઈલ્ડ) જંગલી.
Ger′-mans, *n.* (જર્મન્ઝ) જર્મનીના લોકો.
Came forth, *v.* (કેઈમ-ફોર્થ) નિકળી આવ્યા.
O-ver-ran′, *v.* (ઓવરરૅન) ફરીવળ્યા ; નાશ કીધો.
Peace′-ful, *adj.* (પીસફુલ) શાંતિવાળા.
Pro′-vinc-es, *n.* (પ્રૉવિન્સિઝ) પ્રાંતો.
Set′-tled, *v.* (સેટલ્ડ) જઈ વસ્યા.
Lords, *n.* (લૉર્ડ્ઝ) ધણીઓ. Land, *n.* (લૅન્ડ) દેશો.
Fee′-ble, *adj.* (ફીબલ) નબળી પડી ગયલી.
Sub′-jects, *n.* (સબ્જેક્ટસ) રૈયત.
Vi′-o-lence, *n.* (વાયોલન્સ) જુલમ.
Ra′-pine, *n.* (રૅપાઈન) લૂટફાટ.
Ig′-no-rance, *n.* (ઈગ્નરન્સ) અજ્ઞાનતા.
His-to′-ri-ans, *n.* (હિસ્ટોરિયન્ઝ) ઇતિહાસ કર્ત્તા.
The Dark Ages, અંધકારનો કાળ:—સન ૫૦૪ થી ૧૧૦૦ [સુધીનો વખત.
A-rose′, *v.* (અરોઝ) નિકળી આવ્યા.
Pro-tect′-ed, *v.* (પ્રોટેક્ટેડ) સંરક્ષણ કીધું.
Re-mains′, *n.* (રિમેઈન્સ) રહ્યો સહ્યો-બાકી રહેલો ભાગ.
Re-mains′ of learn′-ing, (રિમેઈન્ઝ-ઑવ્-લર્નિંગ) રહી સહી વિદ્યા.
Taught, *v.* (ટૉટ) બોધ કીધો. Ho′-ly *adj.* (હોલિ) પૂજ્ય.

Co-lum′-ba, *n.* (કોલમ્બા) માણસનું નામ છે.
Preached′, *v.* (પ્રીચ્ડ) ધર્મનો ઉપદેશ કીધો.
Ir′-ish, *n.* (આઇરિશ) આયર્લેન્ડના રહેનારા.
Scots, *n.* (સ્કૉટસ) સ્કોટલાંડના રહેનારા.
Set up, *v.* (સેટ-અપ) સ્થાપી.
Mon′-as-te-ry, *n.* (મૉનૅસ્ટરિ) મઠ; આશ્રમ. [ફેલાવનાર.
Au-gus′-tine, *n.* (ઑગસ્ટાઇન) ઈંગ્લાંડમાં ખ્રીસ્તિ ધર્મનો
Pope Gre′-gory, *n.* (પોપ-ગ્રેગરિ) ખ્રિસ્તી ધર્મના રોમન કેથલિક પંથનો આચાર્ય ગ્રેગરિ; પોપ ગ્રેગરિ.
Bo′-ni-face, *n.* (બૉનિફેસ) માણસનું નામ છે.
A-pos′-tle, *n.* (અૅપૉસલ્) ખ્રિસ્તી ધર્મોપદેશક.
Lost, *v.* (લૉસ્ટ) ખોઈ.
At-tempt′-ing, *pr. p.* (અૅટેમ્પ્ટિંગ) પ્રયત્ન-કોશિશ કરતાં.
To tame, *inf.* (ટુ-ટેઇમ) સુધારવાને; માણસાઇમાં લાવવાને.
Charles′, *n.* (ચાર્લ્સ) Pep′-in, *n.* (પેપિન).
War′-ri-or, *n.* (ઉવૉરિયર) યોદ્ધો; શુરવીર.
Cap-i-tal, *n.* (કૅપિટલ) રાજધાની.
Aix, *n.* (એઇક્સ) પ્રશ્યામાં શહેર છે. [પ્રશ્યાનો ભાગ.
Rhine-Prus′-sia, (હ્રાઇન-પ્રશ્યા) હ્રાઇન નદીની પાસેનો
Reached, *v.* (રીચ્ડ) ફેલાઇ.
Pyr′-enees, *n.* (પેરિનિઝ) ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે પર્વત છે.
Rude′-ness, *n.* (રૂડનેસ) જંગલીપણું.
Bor′-rowed, *v.* (બૉરોડ) બોલાવ્યા; મંગાવ્યા.
En-dowed′ *v.* (એન્ડાઉડ) બક્ષીસ-નાણાની નેમણુક કીધી.
En-cou′-raged, *v.* (એન્કરેઇજ્ડ) ઉત્તેજન આપ્યું.
Hus′-band-ry, *n.* (હઝ્બૅન્ડ્રિ) ખેતીવાડી.
Fru′-gal-ly, *adv.* (ફ્રૂગલિ) કરકસરથી.
Ex-pens′-es, *n.* (એક્સપેન્સિઝ) ખરચ.
Might be, *v.* થાય; થઇ પડે. Bur′-den, *n.* (બર્ડન) બોજો.

Was crowned, *v.* (ક્રાઉન્ડ) રાજ્યાભિષેક કરાયો (કીધો); [ગાદીએ બેસાડયો.
Vir´-tue, *n.* (વર્ચ્યૂ) સદ્ગુણ.
Ve´-ne-rat-ed, *p. p.* (વેનરેટેડ) પૂજ્ય ગણાયલો.
Car´-o-lus Mag-nus (કૅરોલસ મૅગ્નસ) મહાન ચાર્લ્સ.
Suc-ceed´-ed, (સક્સીડેડ) પાછળથી થયા. [વાવેલું.
An´-nals, *n.* (ઍનલ્ઝ) ઇતિહાસ. Sown, *p. p.* (સોન)
Pre´-sent, *adj.* (પ્રેઝન્ટ) હાલના.
Splen´-dour, *n.* (સ્પ્લેન્ડર) કીર્ત્તિ; વૈભવ.
Sown, *p. p.* (સોન) વાવેલું, રોપેલું.
Looks back on him, તેને ગણે-માનેછે.
Ben-e-fac´-tors, *n.* (બેનિફૅક્ટર્ઝ) ભલું ઇચ્છનારા. [રો; રૂપ.
Stat´-ure, *n.* (સ્ટેચ્યુર) કદ. Fea´-tures, *n.* (ફીચર્ઝ) ચેહે-
Port, *n.* (પોર્ટ) બાની. Ma-jes´-tic, *adj.* (મૅજેસ્ટિક)
Gra´-cious, *adj.* (ગ્રેશ્યસ) માયાળુ. [તેજસ્વી; પ્રતાપી.
To com-mand´, *inf.* (ટુ-કમાન્ડ) સંપાદન કરવાને; મેળવ-
Alc´-uin, *n.* (ઍલ્કવીન) નામ છે. [વાને.
Bish´-op, *n.* (બિશપ) ધર્માધ્યક્ષ. [પેછે, પૂજ્ય ગણેછે.
Idioms :—Cause him to be venerated, તેને માન આ-
Europe again fell back into darkness, યુરોપમાં પાછું
અંધેર ચાલવા લાગ્યું.

LESSON XXVI.

THE CONJURER AND THE TAILOR. (A STORY).

જાદુગર અને દરજી.

Con´-jur-er, *n.* (કન્જરર) જાદુગર.
Tai´-lor, *n.* (ટેઇલર) દરજી. Hap´-pened, *v* (હૅપન્ડ) બન્યું.
To con-verse´, *inf.* (ટુ-કૉન્વર્સ) વાત ચિત કરવાનું.
Un-hap´-py, *adj.* (અનહૅપિ) દુઃખી; કમનસીબ. [લાવે.
A-las´, *interj.* (એલાસ) અફસોસ. Should take, *v.* લે;
In-to their heads, તેઓના મગજમાં.

Am un-done′, *v.* (ઍમ-અન્ડન) પાયમાલ થઈ જાઉં.
Re-course′, *n.* (રિકોર્સ) આશ્રય; આધાર.
Pi′-ty, *v.* (પિટિ) દયા આવેછે.
Sin-ceré-ly, *adv.* (સિન્સીયર્લિ) ખરેખરી; અંતઃકરણથી.
Thank, *v.* (થૅંક) પાડ-ઉપકાર માનું છઉં.
Heav′-en, *n.* (હેવન) પરમેશ્વર. [જાય.
Trick, *n.* (ટ્રિક) ખેલ. Should fail, *v.* (શુડ-ફેઈલ) નિષ્ફળ
Are re-duced′, *v.* (આર-રિડ્યૂસ્ડ) માં આવી પડે.
Beg′-ga-ry, *n.* (બેગરિ) તંગાસ; ભીખ માંગવાની હાલત.
Ap-ply′, *v.* (ઍપ્લાઈ) આવીને કહેજો.
Will re-lieve′, *v.* (ઉવિલ-રિલીવ) મદદ કરીશ.
Fa′-mine, *n.* (ફૅમિનકે દુકાળ.
O-ver-spread′, *n.* (ઓવર-સ્પ્રેડ) વ્યાપ્યો (બધે પડ્યો).
Shift, *n.* (શિફ્ટ) ઉપાય; યુક્તિ.
To live, *inf.* (ટુ-લિવ) ગુજરાન ચલાવવાને.
